આજનો સુવિચાર

જે પોતાના સુખને માટે વસ્તુઓની ઈચ્છા કરે છે, તેને વસ્તુઓના અભાવનું દુઃખ ભોગવવું જ પડશે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

दैनिक

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૮૭ જૂનાગઢ તા. ૧૧-૧૧-૨૦૨૨ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## ચૂંટણી સમયે જ કચ્છમાં ઈન્કમટેકસનું મેગા ઓપરેશન

ભૂજ તા.૧૧

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી સમયે જ સૌરાષ્ટ્ર-કચ્છમાં આવકવેરા ખાતાએ મેગા દરોડા ઓપરેશન હાથ ધરતા ખળભળાટ મચી ગયો છે. કચ્છમાં મોટુ નામ ધરાવતા ખાવડા ટ્રાવેલ્સ-ફાઈનાન્સ ગ્રુપ ઉપર આ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કરોડો રૂપિયાના બિનહિસાબી વ્યવહારો તથા મોટી રકમની કરચોરી ખુલવાની આશંકા કરવામાં આવી રહી છે. આવકવેરા વિભાગના ટોચના વર્તુળોએ જણાવ્યું હતું કે આજે સવારથી ઈન્કમટેકસ વિભાગનો કાફલો કચ્છમાં ત્રાટકયો હતો. ગાંધીધામ તથા અંજારમાં ખાવડા ગ્રુપ ઉપરદ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રાવેલ્સ-ટ્રાન્સપોર્ટ તથા ફાઈનાન્સના વ્યવસાયમાં મોટુ નામ ધરાવતા આ ગ્રુપના રીયલ એસ્ટેટવ્યવહારો પણ આવકવેરાના ધ્યાને આવ્યા હતા અને કેટલાક વખતથી વોચ રાખવામાં આવ્યા બાદ આજે સવારથી ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું

રાજકોટ ઈન્કમટેકસ સર્કલ હેઠળ આવતા કચ્છમાં ઈન્વેસ્ટીગેશન વિભાગના ૨૫૦થી વધુ અધિકારીઓનો કાફલો ત્રાટકયો હતો. ખાવડા ગ્રુપના ભાગીદારોની ઓફિસો તથા નિવાસસ્થાનોને આવરી લેવામાં આવ્યા હતા અને તેની સાથે વ્યવસાયિક કનેકશન ધરાવતા ફાઈનાન્સરો તથા ટ્રાવેલર્સોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. સૂત્રોના કહેવા પ્રમાણે ખાવડા ગ્રુપ ટ્રાવેલ્સ-ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ સાથે પણ સંકળાયેલુ છે અને રીયલ એસ્ટેટમાં પણ મોટા વ્યવહારો ધરાવે છે. મોટાભાગે કચ્છમાં જ વ્યવસાય-વ્યવહાર ધરાવતા આ ગ્રુપના પોરબંદર કનેકશન પણ ખુલ્યા છે અને તેના આધારે પોરબંદરમાં પણ બે સ્થળે તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આવકવેરા વિભાગની પ્રાથમીક તપાસમાં જ કરોડો રૂપિયાના શંકાસ્પદ અને બેનામી વ્યવહારો ધરાવતા દસ્તાવેજો મળી આવ્યા હતા જે કબ્જે લેવાયા છે. આ સિવાય કોમ્પ્યુટર હાર્ડડીસ્ક કબ્જે લેવામાં આવી હતી. એક સાથે ૩૨ સ્થળોએ ઓપરેશન હાથ ધરાયુ હતું. રોકડ-ઝવેરાત પણ મળ્યાના નિર્દેશ છે. જો કે, તેની ગણતરી બાકી હોવાથી તંત્ર દ્વારા આંકડાકીય ફોડ પાડવામાં આવ્યો ન હતો.

આવકવેરા દરોડાથી સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના વેપાર ઉદ્યોગકારોમાં ખળભળાટ સર્જાયો છે. ઉપરાંત ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી સમયે જ દરોડા પડયા હોવાથી રાજકીય ક્ષેત્રે પણ સનસનાટી મચી ગઈ છે. આ ગ્રુપ રાજકારણ કે રાજકીય નેતા સાથે સંકળાયેલું છે કે કેમ તે વિશે પણ ચર્ચા-અટકળોનો દોર શરૂ થયો છે.




## શેરબજારમાં તેજીનું તોફાન : સેન્સેકસમાં ૧૧૦૦ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ તા.૧૧

શેરબજારમાં દિવાળી વખતથી શરૂ થયેલો તેજીનો સિલસિલો યથાવત ચાલુ રહ્યો હોય તેમ આજે ફરી ૧૧૦૦ પોઈન્ટની જબરદસ્ત તેજી થઈ હતી. સેન્સેકસ તથા બેંક નિફટી અત્યાર સુધીની નવી ઉંચાઈએ પહોંચી ગયા છે.

શેરબજારમાં આજે માનસ તેજીનુ બન્યુ હતું. અમેરિકામાં મોંઘવારીમાં ધારણાથી પણ વધુ રાહત મળ્યાનો સાનકુળ પડઘો પડ્યો હતો અને તેની અસરે વિશ્વભરના શેરબજારો તેજીમાં આવી ગયા હતા. મોંઘવારી વિશ્વસ્તરે આર્થિક મંદી નોતરશે તેવી કેટલાંક વખતથી શરૂ થયેલી ચિંતા તથા વ્યાજદર વધારાનો સિલસિલો પણ અટકવાની આશા વ્યક્ત થવા લાગી હતી. વિદેશી નાણાં સંસ્થાઓની ધૂમ ખરીદી ટેકારૂપ હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે કેટલાક હેજ ફંડોની શોર્ટ પોઝીશન હતી. માનસ બદલાતા મોટાપાયે વેચાણ કાપણીથી તેજી ઝડપી બની હતી.

શેરબજારમાં આજે ઓલરાઉન્ડ લેવાલીની અસરે મોટાભાગના શેરોમાં ઉછાળો નોંધાયો છે. એશિયન પોઈન્ટસ, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, હિન્દ લીવર, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, લાર્સન, મારૂતી, નેસલે, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટીસ્કો, ટીસીએસ, ટાઈટન, વીપ્રો, એપોલો હોસ્પીટલ, ઝોમેટો વગેરે ઉંચકાયા હતા. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૬૧૭૮૫ની નવી રેકોર્ડબ્રેક ઉંચાઈએ પહોંચ્યો હતો જે ૧૧૦૦ પોઈન્ટના ઉછાળાથી ૬૧૭૧૪ સાંપડયો હતો. નિફટી ૨૭૭ પોઈન્ટ વધીને ૧૮૩૦૬ હતો. કરન્સી માર્કેટમાં અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયામાં ૯૯ પૈસાનો તોતીંગ ઉછાળો હતો અને ૮૦.૮૨ સાંપડયો હતો. કરન્સીમાં મોટી-અસામાન્ય મુવમેન્ટથી આયાત-નિકાસકારોમાં દોડધામ હતી.

### ગત મધ્યરાત્રીએ જાહેર કરેલ બીજી યાદીમાં

## કોંગ્રેસે સૌરાષ્ટ્ર- કચ્છનાં ૧૭ સીટીંગ ધારાસભ્યોને ટીકીટ આપી

રાજકોટ,તા. ૧૧

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારીના અંતિમ દિવસોમાં કોંગ્રેસે ગતારાત્રે તેની ૪૬ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે અને તે સાથે ૧૮૨માંથી કોંગ્રેસે ૮૯ ઉમેદવારો જાહેર કર્યા છે. ગત તા. ૪ નવેમ્બરે પક્ષ દ્વારા ૪૬ ઉમેદવારોની યાદી જાહેર થઈ હતી. ગઈકાલે ભાજપે ૧૬૦ ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદ અનેક બેઠકો ઉપર કોંગ્રેસના ઉમેદવારો અંગે નિર્ણય લેવાયો હોય તેમ માનવામાં આવે છે. આ યાદીમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૨૯ બેઠકોના ઉમેદવાર જાહેર કરાયા છે અને ૧૭ સીટીંગ ધારાસભ્યો ટીકીટ અપાય છે જ્યારે કચ્છમાં ગત ચૂંટણીમાં પરાજીત થયેલા ત્રણ ઉમેદવારોને બદલાયા છે અને સૌરાષ્ટ્રને ૮ નવા ચહેરા છે. જેના કારણે સૌરાષ્ટ્ર-કચ્છમાં કુલ ૧૧ નવા ચહેરાને તક અપાઈ છે જ્યારે મધ્ય અને દક્ષિણ ગુજરાતના ૪ ધારાસભ્યોને ટીકીટ અને ૧૩ નવા ચહેરા જાહેર કરાયા છે.

કોંગ્રેસ પક્ષે તે સાથે સૌરાષ્ટ્ર-કચ્છમાં તેના તમામ ઉમેદવારો જાહેર કરી દીધા છે જ્યારે હવે બીજા તબક્કાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવાની પ્રક્રિયા શરૂ થઈ છે તે સમયે કોંગ્રેસે હજુ ૯૩ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં બાકી છે અને તેમાંથી એનસીપી સાથે ૩ થી ૪ બેઠકો ઉપરથી સમજુતી કરશે. કોંગ્રેસની ગઈકાલે જાહેર થયેલી યાદીમાં સૌરાષ્ટ્ર - કચ્છમાં સીટીંગ ધારાસભ્યોમાં ધોરાજીમાંથી લાંબા સમય સુધી દ્વિધામાં રાખનાર લલીત વસોયાને ફરી પક્ષની ટીકીટ અપાય છે. જ્યારે ખંભાળીયામાં ભાજપે હજુ ઉમેદવાર જાહેર કર્યા નથી પરંતુ વિક્રમ માડમને ફરી આ બેઠક લડવા જણાવાયું છે.

## ઈશુદાન ગઢવી દ્વારકા બેઠક ઉપરથી ચૂંટણી જંગ લડશે

રાજકોટ,તા. ૧૧ : સૌરાષ્ટ્રમાં ચૂંટણી જંગ ભારે રસપ્રદ બની રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા મોટાભાગની બેઠકોના ઉમેદવાર જાહેર કરી દેવાયા છે અને આમ આદમી પાર્ટીએ પણ અગાઉ તેના મોટાભાગના ઉમેદવારોની જાહેરાત કરી છે તેમાં હવે 'આપ'ના મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે પ્રોજેક્ટ કરાયેલા ઈસુદાન ગઢવી હવે દ્વારકા બેઠક ઉપરથી ચૂંટણીમાં ઝંપલાવશે તેવા સંકેત છે. ઈસુદાને હજુ સુધી પોતાના મત વિસ્તારની જાહેરાત કરી નથી પરંતુ તેઓ દ્વારકા જિલ્લાના વતની છે.

### કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટમાં સોગંદનામુ રજૂ કર્યુ

## ધર્માંતરણ કરી મુસ્લિમ કે ખ્રિસ્તી બનેલા અનુસુચિત જાતિનાં લોકોને અનામતનો લાભ આપી શકાય નહી

નવી દિલ્હી તા.૧૧

ધર્મપરિવર્તન કરીને મુસ્લીમ કે ખ્રિસ્તી બનનાર અનુસૂચિત જાતિના લોકોને એસસીની જેમ અનામતનો લાભ ન આપી શકાય, આ મતલબનું સોગંદનામુ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરી જણાવ્યું હતું.

સરકારે આ સોગંદનામું એક જાહેર હિતની અરજીના જવાબમાં દાખલ કર્યુ હતું જેમાં માંગ કરવામાં આવી હતી કે અનામતનો લાભ ખ્રિસ્તી અને મુસલમાન બનેલા દલિતોને પણ મળે. આ જાહેર હિતની અરજી જસ્ટીસ રંગનાથ મિશ્રાના રિપોર્ટના અનુસંધાને તૈયાર કરાઈ હતી, જેણે અભ્યાસ કર્યો હતો કે અન્ય ધર્મોના દલિતો પણ એવી સ્થિતિનો સામનો કરે છે, જેવો હિન્દુ દલિત કરે છે. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે એસસી, એસટી પંચે પણ આ પ્રકારનો મત વ્યક્ત કર્યો છે. આ અરજી ઉપર જસ્ટીસ કૌલની પીઠે ૩૦ ઓગસ્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો.

## શંકરસિંહ વાઘેલા આવતીકાલે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાશે

ગાંધીનગર તા. ૧૧:

ગુજરાતના મજબુત નેતા કોંગ્રેસનો હાથ પકડવા જઈ રહ્યાં છે. ૧૨ નવેમ્બરે શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જોડાશે તેવુ જાણવા મળ્યું છે. મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જોડાશે. ઉલ્લેખનીય છે કે, ૨૧ જુલાઈ ૨૦૧૭ના રોજ શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું હતુ. તેના સાડા પાંચ વર્ષ બાદ ફરીથી બાપુ કોંગ્રેસમાં જોડાશે. તેઓએ કોંગ્રેસ છોડી ત્યારે વાઘેલા વિપક્ષના નેતા હતા. તેમનો પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા પણ તાજેતરમાં કોંગ્રેસમાં જોડાયા છે.

જોકે, આ વખતે તેઓ કોઈ પણ શરત વગર કોંગ્રેસમાં એન્ટ્રી કરશે તેવુ જાણવા મળ્યું છે.

અત્યાર સુધી શંકરસિંહ બાપુની ટિકિટની તથા જવાબદારીની માંગણી હતી પણ આ વખતે કોઈ શરત વગર કોંગ્રેસમાં જોડાશે. જો શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જોડાય તો ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં પ્રાણ પુરાય તેવી શક્યતા છે. તેઓ આવે તો ગુજરાત કોંગ્રેસ વધુ મજબૂત બનશે. ૮૨ વર્ષની ઉંમરે બાપુ હજી પણ રાજકારણમાં સક્રિય છે.

કહેવાય છે, શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં એન્ટ્રી બાબતે હાઈકમાન્ડ પણ માની ગયું છે, દિલ્હી હાઈકમાન્ડથી નિર્ણય લેવાયો હોય તેવું કહેવાય છે. એમ પણ કહેવાય છે કે, શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસના પૂર્વ પ્રમુખની વિચારધારા સાથે કોઈ વાંધો નથી, ૨૦૧૭ માં અહેમદ પટેલને લઈને રાજયસભાની ચૂંટણી બાબતે વિવાદને પગલે તેમણે કોંગ્રેસ પક્ષ છોડ્યો હતો.

## રાજકીય પક્ષોએ વેપારીઓ પાસે ચૂંટણી ફંડની ઉઘરાણી શરૂ કરી દીધી

અમદાવાદ તા. ૧૧ : ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષો સત્તાહાંસલ કરવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં કરોડો રૂપિયાનો ખર્ચો પણ થતો હોય છે જે ખર્ચને પહોંચી વળવા રાજકીય પક્ષો વેપારીઓ, ઉદ્યોગપતિઓ પાસેથી કરોડ રૂપિયાનું ઈલેક્શન ફંડ લેતા હોય છે. બીજી તરફ ગમે તે સરકાર બને પરંતુ વેપારીઓના અને ઉદ્યોગપતિઓના પ્રશ્નોના તાકિદે નિરાકરણ આવે અને તેમને મોટી સમસ્યાઓનો સામનો કરવો પડે નહીં તેના માટે વેપારીઓ પણ ઈલેકશન ફંડ આપતા હોય છે. વેપારી સંગઠનના અગ્રણીઓ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કે જે-તે જીઆઈડીસીના હોદેદારો આ ચૂંટણી ફંડ માટે વ્યવસ્થિત આયોજન કરતા હોય છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં વેપારીઓએ યથાશકિત ફંડની વ્યવસ્થા કરી દીધી હોવાનું પણ જાણી શકાયુ છે. રાજ્યના વેપારી મહાજન વેપારી સંગઠનો ચૂંટણી અંગેની તૈયારીઓમાં લાગી ગયા છે તેમને પ્રચાર પ્રસાર કે અન્ય કાઉન્સેલિંગ કરવાનું નથી. આ વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ ચૂંટણી માટે આર્થિક સહાય કરવાની હોય છે.

અમદાવાદની જુદી-જુદી જીઆઈડીસી અને ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશનના અગ્રણીઓએ પાર્ટી ફંડમાં ચોક્કસ યોગદાન આપવા ઉપરાંત પોતપોતાના વિસ્તારના ઉમેદવારોને પણ આર્થિક સહાયતા માટેની તૈયારીઓ કરી લીધી છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

જોઈએ છે
કલાર્ક - ૨ : (કલેરીકલ વર્ક કરી શકે)
કોમ્પ્યુટર આવડવું ફરજીયાત
કોમ્પ્યુટર ઓપરેટર - ૨ (ગુજરાતી - અંગ્રેજી ટાઈપીંગ) (ફોટોશોપ, કોરલ ડ્રોનાં જાણકાર)
ઓફીસ બોય -૨ (પરચુરણ કામ કરી શકે)
: સંપર્ક :
મો. ૯૮૯૮૦ ૬૩૦૬૪

હાર્દિક શુભેચ્છા.....
આપની જીંદગીનાં દરેક શુભપ્રસંગોને યાદગાર બનાવવા માટે એકવાર અમારી મુલાકાત લો



● રીંગ સેરમની
● ફેમીલી ફંકશન
● કોન્ફરન્સ
● રીસેપ્શન પાર્ટી
● ગેટ ટુ ગેધર
● મેરેજ પાર્ટી
શિવમ પાર્ટી પ્લોટ
બંસીધર નગર, બસસ્ટેશન પાછળ, જૂનાગઢ
સત્યમ પાર્ટી પ્લોટ
LPG ગેસ પંપ સામે, ઝાંઝરડા ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ
પરેશ કે. ડોબરીયા : મો. ૯૪૨૬૨ ૩૦૮૨૦

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG - LPG
રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
યશ ઓટો ગેસ
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી,
LPG પંપની પાછળ, જૂનાગઢ




CMYK

# જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠક માટે પ્રથમ રેન્ડેમાઈઝેશન પૂર્ણ

## રેન્ડેમાઈઝેશન દ્વારા ૩૫૬૫ જેટલા અધિકારી-કર્મચારીની પ્રિસાઈડિન્ગ ઓફિસર અને પોલીંગ ઓફિસર તરીકે વિધાસસભા બેઠક વાર ફરજની ફાળવણી

જૂનાગઢ, તા.૧૧

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રચિત રાજના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે મતદાન મથક પરના સ્ટાફ અને એવીએમનું પ્રથમ રેન્ડેમાઈઝેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

પ્રથમ રેન્ડેમાઈઝેશનમાં વિધાનસભા બેઠક વાર સ્ટાફની ફાળવણી ભારતીય ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાય તે માટે પ્રથમ રેન્ડેમાઈઝેશનમાં ઈઆરએમએસ સોફ્ટવેરના માધ્યમથી કુલ-૩૫૬૫ જેટલા અધિકારી કર્મચારીઓને પ્રિસાઈડિંગ ઓફિસર અને પોલિંગ ઓફિસરની ફરજ નક્કી કરી દેવામાં આવી છે. અને તેમને વિધાનસભા બેઠક વાર નિયુક્ત કરી દેવામાં આવ્યા છે. વધુમાં તેમના મતદાન મથક ખાતેની ફરજની ફાળવણી હવે પછીના રેન્ડેમાઈઝેશનમાં કરવામાં આવશે. મહત્વનુ છે કે, જૂનાગઢ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક માટે કુલ ૧૩૪૬ જેટલા મતદાન ઉભા કરવામાં આવશે. તેમ નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણિયાએ જણાવ્યું હતું.

**રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમનું રેન્ડેમાઈઝેશન**

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રચિત રાજ અને રાજકીય પક્ષના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જૂનાગઢમાં ઈવીએમ વેરહાઉસ ખાતે ઈફસ્નું રેન્ડેમાઈઝેશન કરવામાં આવ્યું હતું. આ રેન્ડેમાઈઝેશ ઈવીએમ મોનીટરિંગ સિસ્ટમ નામના સોફ્ટવેર દ્વારા કરવામાં આવે છે. જેમાં જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક માટે કુલ ૩૩૭૬ (બેલેટ યુનિટ કન્ટ્રોલ યુનિટ) જેટલા ઈવીએમ ફાળવવામાં આવ્યાં છે. ઉપરાંત ૧૮૨૪ જેટલા ફફઁછ્ ફાળવવામાં આવ્યાં છે. તકેદારીના ભાગરૂપે ૨૫ ટકા જેટલા બેલેટ યુનિટ અને કન્ટ્રોલ યુનિટ ઉપરાંત ૩૫ ટકા રિઝર્વ VVPAT રાખવામાં આવ્યાં આવ્યાં છે. આમ, આ રેન્ડેમાઈઝેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દરેક વિધાનસભા બેઠકના સ્ટ્રોંગરૂમ ખાતે મોકલી દેવામાં આવ્યાં હતા. તેમ નિવાસી અધિક કલેકટર એલ.બી.

**પાંચ વિધાનસભા બેઠકના કુલ ૧૩૪૬ મતદાન મથક માટે ૩૩૭૬ ઈવીએમ : તકેદારીના ભાગરૂપે ૨૫ ટકા ઈવીએમ રિઝર્વમાં પણ ઉપલબ્ધ રહેશે**

બાંભણિયાએ ઉમેર્યુ હતું.

**રેન્ડેમાઈઝેશન પ્રક્રિયા જાણવા જેવી છે**

ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ, ન્યાયી અને પારદર્શક રીતે યોજાય તે માટે ચૂંટણી ફરજના સ્ટાફ અને એવીએમનું રેન્ડેમાઈઝેશન કરવામાં આવે છે. રન્ડેમાઈઝેશન એટલે કોઈ પણ અધિકારીના હસ્તક્ષેપ વિના કોમ્પ્યુટર સોફટવેરના માધ્યમથી રેન્ડમલી અધિકારી-કર્મચારી ઉપરાંત એવીએમની ફાળવણી. આ પ્રક્રિયામાં પ્રથમ ઈઆરએમએસ નામના સોફ્ટવેરમાં અધિકારી-કર્મચારીઓનો સંકલિત ડેટાની એન્ટ્રી કરવામાં આવે છે. તેવી જ ઈએમએસ સોફટવેરમાં ઈવીએમની ડેટા એન્ટ્રી કરવામાં આવે છે. જેમાં ૧૦-૧૦ના ઈવીએમના એક જ બંચમાંથી જુદી-જુદી વિધાનસભા બેઠક માટે એવીએમની ફાળવાણી શાય છે. આમ એક પ્રકારે ડ્રોની પદ્ધતિ મુજબ સ્ટાફ અને એવીએમની ફાળવણી કરવામાં આવે છે એટલે કે આ સમગ્ર પ્રક્રિયામાં પક્ષપાતના આક્ષેપનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

# દિવ્યાંગ મતદારોને મતદાન સંબંધિત મૂંઝવણ દૂર કરવા હેલ્પલાઈન શરૂ કરાઈ

જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી તા.૧/૧૨/૨૦૨૨ના રોજ યોજાનાર છે. ત્યારે દિવ્યાંગ મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે એ માટે જૂનાગઢ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આગામી વિધાનસભા ચૂંટણીમાં દિવ્યાંગ મતદાતાઓ સો ટકા મતદાન કરે તેમજ દિવ્યાંગ મતદારોને મતદાન બાબતની કોઈ પણ પ્રકારની માહિતી મેળવવા તેમજ પ્રશ્નોના નિવારણ માટે પીડબ્લ્યુડી નોડલ અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવેલ છે. દિવ્યાંગ મતદારો હેલ્પલાઈન નંબર ૦૨૮૫-૨૬૩૬૫૪૬ ઉપર સંપર્ક કરવાકરવા અનુરોધ કરવામાં આવેલ છે. મતદાન સંબંધિત કોઈ પણ પ્રકારની સમસ્યા જણાય તો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા આ હેલ્પલાઈન નંબર ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## શ્રી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ યુવક મંડળ જૂનાગઢ દ્વારા

# નૂતન વર્ષ સ્નેહ મિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ, તા.૧૧

શ્રી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ યુવક મંડળ જૂનાગઢ દ્વારા નૂતન વર્ષ સ્નેહ મિલન તથા આજીવન સંભ્યોના સંતાનો માટે વિદ્યાર્થી સન્માન સમારોહ ૨૦૨૨નું આયોજન કરવામાં આવેલ છે. તા.૧૩/૧૧/૨૦૨૨ના રોજ સાંજના ૫ કલાકે રવિવારના દિવસો ભવનાથ રોડ ઉપર આવેલા ગાયત્રી મંદિર સામે ધાર્મિક ફાર્મ ખાતે આ કાર્યક્રમ યોજાશે જેમાં તમામ પરીવારને ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## આદર્શ આચારસંહિતાની અમલવારી સુનિશ્ચિત કરી શકાય તે અંતર્ગત

# સ્થાનિક કેબલ નેટવર્ક, ટીવી ચેનલ, સિનેમા ગૃહોના પ્રસારણની સીડી ૨૪ કલાકમાં રજૂ કરવાની રહેશે

જૂનાગઢ, તા.૧૧

પ્રવર્તમાન ચૂંટણી દરમ્યાન પ્રચાર થતા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ટેકેદારો તરફથી ઈલેકટ્રોનીક મીડિયા માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંન્ટ્રોલરૂમથી તથા ટીવી ચેનલના રાજ્ય, આંતર રાજય કે આંતર રાષ્ટ્રીય તેમજ- એએમ અને એફએમ રેડિયો નેટવર્ક, સિનેમા ગૃહો વગેરેથી કરવામાં આવે છે. ભારતના ચૂંટણી પંચે ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તેમજ ચૂંટણી પંચે જાહેર કરેલ આદર્શ આચારસંહિતાની અમલવારી સુનિશ્ચિત કરી શકાય, ચૂંટણી પ્રચાર સમયગાળા દરમ્યાન હરીફ ઉમેદવારો, રાજકીય પક્ષો, સામાન્ય નાગરીકો તરફથી આચારસંહિતાનો ભંગ થયાની ફરિયાદો મળતી રહે છે. આવી ફરિયાદોમાં તથ્ય છે કે કેમ ? તે ચકાસી શકાય તથા આદર્શ આચારસંહિતાનું કે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કોઈ કલમોનો કે અત્રેથી બહાર પાડવામાં આવેલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળના જાહેરનામાનો ભંગ થયેલ છે કે કેમ? તે ચકાસી જો ભંગ થયાનું જણાય તો તાકીદના ધોરણે સબંધિતો સામે યોગ્ય પગલા લઈ શકાય તે માટે જૂનાગઢ જિલ્લા મેજિસ્ટ્રેટ રચિત રાજને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂએ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે કે, સ્થાનિક કેબલ નેટવર્ક, ટીવી ચેનલ, સિનેમા ગૃહો વગેરે દ્વારા ઈલેકટ્રોનીક પ્રસાર માધ્યમ તરીકે તેઓ તરફથી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુરી થતા સુધીના સમયગાળા દરમ્યાન પ્રત્યેક દિવસે સવારના ૬-૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૬-૦૦ કલાક સુધીમાં કરવામાં આવેલ પ્રસારણની પ્રત્યેક સીડી પુરા થતા ચોવીસ કલાકના સમયગાળા બાદ તુરત જ સવારના ૧૦-૩૦ કલાક સુધીમાં જિલ્લા કક્ષાની મીડિયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ કમીટીના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામક, જૂનાગઢની કચેરી ખાતે રૂબરૂ પહોંચાડી, સીડી પહોંચાડ્યા બદલ પહોંચ મેળવી રેકર્ડ જાળવવી, જરૂરિયાતના પ્રસંગે ૨૪ કલાક પુરા થતા પહેલા પણ કરવામાં આવેલ પ્રસારણની સીડી માંગવામાં આવે તો રજૂ કરવાની રહેશે. નાયબ માહિતી નિયામક, આદર્શ આચારસંહિતાની અમલવારી અર્થે નિયુક્ત નોડલ અધિકારી તથા સંબંધિત ચૂંટણી અધિકારીએ પણ જરૂરીયાતના કિસ્સામાં અમલવારી માટે તાકિદે કાર્યવાહી કરવાની રહેશે. આ હુકમ સમગ્ર જૂનાગઢ જિલ્લાના વિસ્તારના તાત્કાલીક અસરથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ તથા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# આલીદર ગામની માધ્યમિક શાળામાં ૧૦૮ દિકરીઓને સાયકલ આપવામાં આવી



આલીદર, તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા સરસ્વતી સાધન સહાય યોજના અંતર્ગત ધોરણ ૯ની કુલ ૧૦૮ વિદ્યાર્થીની બહેનોને માધ્યમિક શાળા આલીદરમાં સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે શાળાનાં આચાર્ય હરીભાઈ ડોડીયા, દિલીપભાઈ મકવાણા, કનુભાઈ વૈંશ, કાળુસિંહ ડોડીયા, અમિતભાઈ ગોંઢા અને સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતા.

# પેન્શન વધારા અંગેના નિવૃત કર્મચારીઓ માટેના ફોર્મ ભરી આપવામાં આવશે

જૂનાગઢ, તા.૧૧

પેન્શન વધારવા માટે કોર્ટના હુકમની ઘણા સમયથી બોર્ડ નિગમના નિવૃત કર્મચારીઓ રાહ જોઈ રહ્યા હતા અને ચુકાદો આવી જતા ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારે નિવૃત કામદાર સંગઠનના પ્રમુખ પી.વી.ઠાકર (મો.નં.૯૯૨૫૧ ૮૭૩૩૬) દ્વારા નિવૃત કર્મચારી જોગ જણાવેલ છે કે, ફોર્મ ભરવાની જરૂર પડશે ત્યારે અમો નિવૃતોને માર્ગદર્શન આપી અને વિનામુલ્યે ફોર્મ ભરી આપવામાં આવશે. તેની નોંધ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# સરકારી વિભાગમાં નિમણૂંક પામેલા શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ- રાજકોટના ૧૮૮ તાલીમાર્થીઓને સન્માનિત કરાશે

## ૧૩ નવેમ્બરે રાજકોટના ક્રિષ્ના પાર્ટી પ્લોટ ખાતે ભવ્યાતિભવ્ય સન્માન સમારોહનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૧

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટની યુવા પાંખ શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટ (કેડીવીએસ)માંથી તાલીમ મેળવીને વર્ષ૨૦૨૨માં સરકારી વિભાગમાં નિમણૂંક પામેલા કુલ ૧૮૮ તાલીમાર્થી ભાઈઓ-બહેનોના સન્માન માટેના ભવ્યાતિભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષ સ્થાને ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટ દ્વારા રાજકોટના મવડી-પાળ રોડ પર આવેલા ક્રિષ્નાપાર્ટી પ્લોટ ખાતે આગામી ૧૩ નવેમ્બર ને રવિવારના રોજ સાંજે ૪.૧૫ કલાકેથી આ સન્માન સમારોહ યોજાશે. જેમાં સમાજના આગેવાનોની હાજરીમાં રાજય સરકારના વિવિધ સરકારી વિભાગોમાં પસંદગી પામેલા તાલીમાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટમાંથી તાલીમ મેળવીને વર્ષ ૨૦૨૨માં કુલ ૧૮૮ ભાઈઓ-બહેનોએ પોલીસ વિભાગ, પીએસઆઈ-એએસઆઈ, હેડ કલાર્ક, સિનિયર કલાર્ક, બિન સચિવાલય કલાર્ક, ટેક્નિકલ વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન કલાર્ક, આઈટીઆઈ ઈન્સ્ટ્રક્ટર સહિતના વિવિધ વિભાગમાં પસંદગી પામ્યા છે. ત્યારે આ તમામ ૧૮૮ તાલીમાર્થી ભાઈઓ-બહેનોને સન્માનિત કરવા માટે આ સન્માન સમારોહનું આયોજન કરાયું છે. સન્માન સમારોહની સાથે સાથે અત્યાર સુધી સરકારી સેવામાં નિમણૂંક પામેલા શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટના વિદ્યાર્થીઓનું સ્નેહમિલન પણ યોજાશે..

આ સન્માન સમારોહમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીઓ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના ટ્રસ્ટીઓ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન-સોમનાથના ટ્રસ્ટીઓ, દાતાઓ, શ્રી ખોડલધામ ટ્રસ્ટના કન્વીનરોશ્રીઓ, સહ કન્વીનરો, ખોડલધામ મહિલા સમિતિ, ખોડલધામ વિદ્યાર્થી સમિતિના સભ્યો, ખોડલધામ શિક્ષણ પાંખ, ખોડલધામ લિગલ સમિતિ, અન્ય સમિતિઓ, સોશિયલ ગ્રુપના સભ્યો, લેઉવાપટેલ સમાજના અટકથી ચાલતા પરિવાર અને સંસ્થાના સભ્યો સહિતના મોટી સંખ્યામાં લોકો હાજરી આપી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે અભિનંદન પાઠવશે.

# કે.એસ.પી.સી. દ્વારા LEAN IMPERATIVES : LESSONS FOR INDIAN ORGANIZATIONS વિષયે જયેન કોટેચાનો માર્ગદર્શન વાર્તાલાપ યોજાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૧

કચ્છ – સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલ દ્વારા **LEAN IMPERATIVES : LESSONS FOR INDIAN ORGANIZATIONS** એ વિષયે પ્રોડકટીવીટી એક્ષપર્ટ અને પર્ફેકસ્ટ કન્સલ્ટીંગના ફાઉન્ડર રાજકોટના જયેન કોટેચાના વાર્તાલાપનો કાર્યક્રમ કાઉન્સીલના બાન હોલ ખાતે યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમની શરૂઆતમાં કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવે અને માનદ મંત્રી ડી.જી.પંચમીઆ દ્વારા વકતાનુ પુષ્પગુચ્છ અને મોમેન્ટો અર્પણ કરીને સ્વાગત કરવામાં આવેલ હતુ અને કાઉન્સીલના ટી.પી.સી.ચેરમેન દિપકભાઈ સચદે દ્વારા કાર્યક્રમનું સંચાલન અને વકતાનો પરિચય આપવામાં આવેલ હતો.

કાર્યક્રમના વકતા જયેન કોટેચાએ પોતાના વકતવ્યમાં લીનનું મહત્વ, જરૂરીયાત અને તેના ફાયદા વિશે જણાવેલ હતુ. આ કાર્યક્રમનો મુળ હેતુ નિર્ણાયક અમલીકરણ કેવી રીતે કરવુ અને તેના માટે પડતી મુશ્કેલીઓનું નિવારણ કેવી રીતે લાવવુ તેનો હતો. લીન પધ્ધતીનો ઉપયોગ કરવાથી વસ્તુની ઉત્પાદકતામાં વધારો થાય છે તેની ગુણવત્તામાં વધારો થાય છે. જયારે તેના ખર્ચમાં ઘટાળો થાય છે. લીન મેન્યુફેકચરીંગ એ એક પહેલ છે જે ખર્ચ, વેચાણ અને ગુણવત્તાની કામગીરીમાં નોંધપાત્ર સુધારો કરે છે.

વધુમાં જણાવેલ છે કે આપણા દેશને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનુ એક મુખ્ય પાસુ એ છે કે ઓદ્યોગીક ક્ષેત્રને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવું. લીન એટલે ગ્રાહકોની જરૂરીયાત ઉપર ધ્યાન કેન્દ્રીત કરવુ અને ઉત્પાદન પ્રક્રિયામાં બીન મુલ્ય વર્ધિત પવૃતિઓને ઓળખી અને તેને દુર કરવી. બીન મુલ્ય વર્ધિત એ એવી પ્રવૃતિ છે કે સમય, સંસાધનો અને જગ્યા રોકાણ કરે છે પરંતુ ઉત્પાદન અથવા સેવાના મુલ્યમાં ઉમેરો કરતો નથી. મુલ્ય વર્ધિત એક એવી પ્રવૃતિ છે જે ગ્રાહકની જરૂરીયાતોને પહોંચી વળવા કાચા માલ અથવા માહિતીને રૂપાંતરીત કરે છે અથવા તેને આકાર આપે છે.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહેલ હતા જેમા કાઉન્સીલના હોદેદારો, સભ્યો અને વિવિધ કંપનીના અધિકારીઓ, વિદ્યાર્થીઓ વિગેરે નો સમાવેશ થાય છે. વાર્તાલાપ કાર્યક્રમની વ્યવસ્થા અને આયોજન માનદ મંત્રી ડી.જી.પંચમીઆ તથા ટ્રેનીંગ પ્રોગ્રામ કમીટીના ચેરમેન દીપકભાઈ સચદે અને ભરત રાબાએ કરેલ હતી.

# ગીર સોમનાથ જીલ્લાની ચાર બેઠક ઉપર ૧૦૭૭ બુથમાં ૯.૯૯ લાખ મતદારો કરશે મતદાન

## સૌથી વધુ યુવા મતદારો ઉનામાં, સૌથી વધુ ૮૦+ની ઉંમરના અને દિવ્યાંગ મતદારો (PWD) સોમનાથમાં

વેરાવળ, તા.૧૧

લોકશાહીનું મહાપર્વ ગીર સોમનાથના આંગણે આવી ઉભું છે ત્યારે જિલ્લામાં ઉના, કોડીનાર, તાલાળા અને સોમનાથ એમ ચાર વિધાનસભા મતવિસ્તારની ચૂંટણીઓ યોજવા વહીવટી તંત્ર તમામ મોરચે સજ્જ થઈ ચૂક્યું છે. સમગ્ર જિલ્લામાં ૫,૦૯,૯૯૧ પુરૂષ અને ૪,૮૯,૪૧૩ સ્ત્રી મતદારો અને અન્ય- ૧૧ મતદારો નોંધાયા છે. આમ સમગ્ર જિલ્લામાં કુલ ૧૦૭૭ મતદાન મથકમાં કુલ ૯.૯૯.૪૧૫ મતદારો લોકશાહીના આ મહાપર્વમાં પોતાની ભાગીદારી નોંધાવશે. ૯૦-સોમનાથ મતવિસ્તારમાં ૧.૩૩.૪૭૭ પુરૂષો અને ૧.૨૯.૪૬૨ સ્ત્રી અને અન્ય-૩ એમ કુલ ૨.૬૨.૯૪૨ મતદારો નોંધાયા છે તો ૯૧-તાલાળા મતવિસ્તારમાં ૧.૨૦.૦૯૩ પુરુષ અને ૧.૧૪.૭૪૩ સ્ત્રી અને અન્ય-૩ એમ કુલ ૨.૩૪.૮૩૯ મતદારો જયારે ૯૨-કોડીનારમાં ૧.૧૯.૬૨૨ પુરૂષો, ૧.૧૪.૯૬૭ સ્ત્રીઓ અને અન્ય-૨ એમ કુલ ૨.૩૪.૫૯૧ જયારે ૯૩-ઉનામાં ૧.૩૬.૭૯૯ પુરૂષ મતદારો, ૧.૩૦.૨૪૧ સ્ત્રી મતદારો અને અન્ય-૩ એમ કુલ ૨.૬૭.૦૪૩ મતદારો નોંધાયા છે. રસૌથી વધુ યુવા મતદારો (૧૮-૨૯) ઉનામાં ૭૨૬૩૬ નોંધાયા છે. જ્યારે સોમનાથમાં ૭૨૧૮૫, તાલાળામાં ૬૨૪૮૨ અને કોડીનારમાં ૬૭૩૨૬ યુવા મતદારો નોંધાયા છે. તદુપરાંત સૌથી વધુ ૪૦૨૪ ૮૦ની ઉંમરના અને ૨૫૯૦ દિવ્યાંગ મતદારો (PWD) સોમનાથમાં નોંધાયા છે. જયારે તાલાળામાં ૫૪૭૩, કોડીનારમાં ૪૩૯૦ અને ઉનામાં ૫૨૮૪ મતદારો ૮૦ ની ઉંમર ધરાવે છે. જયારે સોમનાથમાં ૨૭૫, તાલાલામાં ૨૫૯, કોડીનારમાં ૨૬૩ અને ઉનામાં ૨૮૦ એમ કુલ ૧૦૭૭ મતદાન મથક પર લોકશાહીનું મહાપર્વ ઉજવાશે. આ તમામ મથકોમાં સખી મતદાન મથકોની સંખ્યા મતવિસ્તાર દીઠ ૭ રહેશે જ્યારે PWD દ્વારા સંચાલિત મતદાન મથકો તેમજ ઈકો ફ્રેન્ડલી મતદાન મથકોની સંખ્યા પણ મતવિસ્તાર દીઠ ૧-૧ રહેશે. લોકશાહીના મહાપર્વમાં તમામ લોકો ભાગીદાર થાય એવો વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

# ઉના : નવા બંદર મરીન પોલીસે પાલડી ગામે જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લીધા

(પ્રતિનિધિ દ્વારા)



ઉના, તા.૧૧

ઉના તાલુકાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.બી.વોરાની સૂચનાથી સરવેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. જોરૂભાઈ મકવાણા, પો.હે.કો. જી.એમ.વાળા પોલીસ કો.ભિખુસા બચૂસા પેટ્રોલિંગમાં હતા ત્યારે પાલડી ગામે પહોંચતા જાહેરમાં રૂપિયાની હાર જીતનો જુગાર રમતા જગા જાદવભાઈ શિંગડ રે.કેસરિયા, મનસુખ દેવાત બાંભણિયા રે. કેસરિયા, વિજય નગુભાઈ રે. સોનારી, ધીરૂ બાબુ સોલંકી રે. કાજરડીને પકડી પાડી રૂપિયા ૨૭૩૭૦/રોકડ રૂપિયા સાથે પકડી નવાબંદર મરીન પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કરી ક્રાયવાહી કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દેશ-દુનિયામાં આજે જેટલી પણ સમસ્યા છે, તેના સમાધાન આપણા પ્રાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ છે

તંજાવુર મંદિરના ઉપલા હિસ્સા ઉપર એંશી ટનના પથ્થરને પહોંચાડવા માટે ભૌતિક શાસ્ત્રનો ક્યો સિધ્ધાંત કામે લગાડ્યો હશે? ઈલોરાનું કૈલાસ મંદિર બનાવવા માટે શિલ્પકલાની કઈ ટેકનિક કામ લાગી હશે? નાગાર્જુને અદ્ભૂત રસાયણથી કેવી રીતે મેડિકલ ઉપચાર કર્યા હશે? રામાયણમાં વર્ણિત સમુદ્ર પર પુલ કઈ રીતે બનાવાયો હશે? છત્રપતિ શિવાજીએ સિંધુદુર્ગનો કિલ્લો કેવી રીતે બનાવ્યો હશે? પ્રાચીન ભારત આવાં તો કેટલાંય રહસ્યોથી પરિપૂર્ણ છે જેનાથી આપણે આજે પણ અજાણ છીએ.

વાત ચાહે રામાયણની હોય કે મહાભારતની, વિદુર નીતિની હોય કે ચાણક્યના અર્થશાસ્ત્રની, સુશ્રુત સંહિતા-આયુર્વદની હોય કે થિરુકુરલની, ઉપનિષદોની હોય કે વેદોની, આપણા તમામ ગ્રંથો-શાસ્ત્રોમાં અનંત જ્ઞાન છે. તે આજે પણ પ્રાસંગિક છે. દુઃખની વાત છે કે શિક્ષણના વ્યાવસાયીકરણથી નૈતિકતાની શિખામણ આજે લુપ્ત થવા લાગી છે.

પ્રાચીન કાળમાં માનવ જીવનના ચાર પુરુષાર્થોમાં ધર્મનું સૌથી વધુ મહત્ત્વ હતું. માનવ જીવનની દરેક ચીજને પથ, પરંપરાઓ અને અનુષ્ઠાનો સાથે જોડી દેવામાં આવી હતી. પરંતુ આધુનિક યુગમાં વ્યક્તિને ગ્રંથોમાં વર્ણિત વાતો ઓછી અને વિજ્ઞાન, તથ્ય અને તર્કની બોલી વધુ સમજાય છે. જ્યાં સુધી આપણને ખબર ન હોય કે પીપળો સૌથી વધુ ઓક્સિજન આપે છે અને તુલસી ઔષધિ છે, ત્યાં સુધી આપણે તેને વંદનીય નહીં માનીએ. પહેલાં આપણા દેશમાં પ્રાણીમાત્રની પૂજા થતી હતી - ચાહે ઝાડ હોય કે પશુ, કારણ કે તે જૈવવિવિધતાનાં મહત્ત્વપૂર્ણ અંગ છે. ગીતામાં અર્જુનની વ્યાકુળતાના માધ્યમથી ગભરાટ વિશે જણાવાયું છે. વર્તમાન મનોવિજ્ઞાનની ભાષામાં તેને બોડી લેંગ્વેજ અને માઈન્ડસેટ કહેવામાં આવે છે. ક્રિમિનલ લો અંતર્ગત આપણે જ્યારે પણ કોઈ વ્યક્તિ પાસે સત્ય ઓકાવવાનો પ્રયાસ કરીએ છીએ તો તેના શરીરમાં થનારા કંપનોને પોલીગ્રાફની મદદથી અંકિત કરીએ છીએ.

આ જ પ્રકારે 'યત્ પિંડે તત્ બ્રહ્માંડે' ત્યારે પણ પ્રચલિત હતું અને આજે વિજ્ઞાનમાં શતાબ્દીની સૌથી મોટી ઉપલબ્ધિ જ 'હિગ્સ બોસોન'ની શોધ છે. બાયોટેકનોલોજીમાં ડીએનએની અંદર પણ બ્રહ્માંડ અને જીવનનાં દર્શન થાય છે. ખગોળ વિજ્ઞાનીઓ અનુસાર સૂર્યથી મોટો 'સૂર્ય' પણ આ બ્રહ્માંડમાં છે. આપણા ઋષિઓએ હજારો વર્ષો પહેલાં જ 'સૂર્યકોટિ સમપ્રભ'નું વર્ણન કરી દીધું હતું. હાલમાં ત્રણ હજાર અરબ પ્રકાશ વર્ષના અંતરે સ્થિત એક તારાનો સમૂહ દેખાયો છે, જે ઘેરી નિદ્રામાં સૂતેલા વ્યક્તિની આકૃતિ પ્રતિબિંબિત કરે છે અને તે 'અનંત શયનમ્'ને સંબોદિત કરે છે. ગેલીલિયો અને કોપરનિકસની શોધ પહેલાં જ આપણા ગ્રંથોમાં 'ભૂ-ગોળ' વિજ્ઞાન પ્રચલિત હતું. જ્યારે વરાહ અવતારે પૃથ્વીને ઉઠાવી તો તે ગોળ રૂપમાં જ હતી. જ્યારે તુલસીદાસજીએ આટલાં વર્ષો પહેલાં 'કંદુક ઈવ બ્રહ્માંડ ઉઠાવૌં' કહ્યું તો તેમને ખબર હતી કે બ્રહ્માંડ કંદુકના આકારનું છે. ગ્રંથોમાં કહેવાયું છે કે જ્યારે સૂર્ય ધનુ રાશિમાં આવશે તો અર્થતંત્ર તેજીથી વધશે. સૂર્ય નિશ્ચિત રૂપે પ્રતિ વર્ષ દિવાળીની આસપાસ જ ધનુ રાશિમાં આવે છે. ઉલ્લેખનીય છે કે સંપૂર્ણ દેશમાં વ્યવસાય વધે છે અને ધન પ્રવાહિત થાય છે.

નવી શિક્ષણ નીતિમાં પ્રાચીન ગૌરવશાળી જ્ઞાનને વિદ્યાર્થીઓને શીખવવા અને તેમનો વ્યાવહારિક પ્રયોગ સમજવાની ભલામણ કરવામાં આવી છે. હવે ગ્રંથોમાં સંમિલિત પ્રાચીન જ્ઞાન આધુનિક શૈલીમાં પાઠ્યપુસ્તકોમાં સામેલ કરવામાં આવશે, જેથી લોકો પોતાનાં મૂળિયાં સાથે જોડાયેલા રહે અને આપણા દેશની પરંપરા અને સંસ્કૃતિ અનુસાર જીવનનું સંચાલન કરી શકશે. પ્રાચીન ગ્રંથોને શિક્ષણ પ્રણાલીમાં સામેલ કરવાથી દેશના યુવા ન માત્ર ભારતીય સંસ્કૃતિને સમજશે, પરંતુ વાસ્તવિક ઉદાહરણો દ્વારા પોતાના વ્યાવહારિક જીવનમાં પણ તેમને લાગુ કરવામાં સફળ રહેશે. એક તરફ જ્યાં મહાભારતના પાઠ આપણને પ્રબંધન અને રાજનીતિના મૂળ સિદ્ઘાંતોથી પરિચિત કરાવે છે, ત્યાં જ રામાયણ આપણને જીવનમાં નૈતિકતા અને અધ્યાત્મના મૂલ્યોના મહત્ત્વથી પરિચિત કરાવે છે. આયુર્વેદ આપણને માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં સુધાર માટે પ્રેરિત કરે છે અને ઉપનિષદ આપણને અનુશાસન શીખવે છે. વ્યાવહારિક જ્ઞાનથી પરિપૂર્ણ આ ગ્રંથોથી આપણી શિક્ષણ પ્રણાલી સુદૃઢ થશે. ભારતીય ગ્રંથોમાં મળનારા શિક્ષણનો ધર્મ અને પંથનિરપેક્ષતા સાથે કોઈ લેવાદેવા નથી. ભારતીય હોવાના નાતે તે આપણી સંસ્કૃતિ માટે મહત્ત્વપૂર્ણ છે.

દેશ-દુનિયામાં આજે જેટલી પણ સમસ્યા છે, તેના સમાધાન આપણા પ્રાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ છે. જરૂરિયાત છે કે આપણે એ શિખામણોને હાલની શિક્ષણ પ્રણાલીમાં સામેલ કરીએ. એવું કરવાથી આપણે બધા પહેલાં કરતાં વધુ પોતાના રાષ્ટ્ર સાથે જોડાઈશું અને એક એવી પેઢીનું નિર્માણ કરીશું, જે રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત થશે અને વિશ્વ કલ્યાણમાં યોગદાન આપવા માટે તત્પર હશે.

# વોકહાર્ટ હોસ્પીટલમાં બ્રેઈન ડેડ થયેલ દર્દીના અંગોનું દાન : લીવર, કિડની અને ચક્ષુદાનથી ૫ વ્યકિતને નવજીવન

## બ્રેઈન ડેડ થયેલ દર્દીનું હૃદય વેન્ટીલેટર કે અન્ય આધાર સાથે ૩૬ થી ૭૨ કલાક ચાલુ રાખી શકાય છે




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૧

રાજકોટના સભારી પ્રભાબેનરાઘવજીભાઈ ટીલારા (ઉ.૬૫ વર્ષ)ને બપોરે લગભગ બપોરે ૪ વાગ્યે માથામાં દુઃખાવો અને ઉલ્ટી થઈ હતી અને રાત્રે ૧૦ વાગ્યે અચાનક બેભાન થઈ ગયા.એમને તાત્તાલીક એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવ્યા.ત્યાં તપાસ કરતા માલુમ પડયુ કે તેઓના મગજમાં ખુબ જ મોટુ હેમરેજ થયેલ છે. આથી ન્યુરો આઈ.સી.યુ.માં સઘન સારવાર માટે દાખલ કર્યા.

સારવાર હેઠળ તાત્કાલીક ધોરણે ન્યુરો સર્જન ડો.વિરલ વસાણી અને ઈન્ટરવેન્શન રેડીયોલોજીસ્ટ ડો.વિકાસ જૈન ઓપરેશન અને બ્લીડીંગ કરતી લોહીની નળીનું કોઈલીંગ કરી બ્લીડીંગ બંધ કર્યુ.આ ઉપરાંત ડો.કાંત જોગાણી, ડો.ભુમિ દવે, ડો.મલય ઘોડાસરા તથા આઈ.સી.યુ. વિભાગના સ્ટાફ દ્વારા સતત સારવાર કરવામાં આવી પરંતુ આ સઘન સારવાર કરવા છતા તેઓના મગજમાં ખુબ જ સોજો આવી જવાથી દર્દીનુ બ્રેઈન ડેડ થઈ ગયું. આ દુઃખદ સમાચાર પ્રભાબેનના પતિ રાઘવજીભાઈ ટીલારા અને દિકરા અશોકભાઈ ટીલારા તથા પરેશભાઈ ટીલારાને જણાવતી વખતે ડો.વિરલ વસાણી અને ડો.વિકાસજૈન સગા સંબંધીઓને તથા તેમના દિકરીઓને પ્રભાબેનના અંગદાન કરવાની વાત સમજાવી અને બધા કુટુંબીજનોએ પ્રભાબેનના અંગદાન માટે પરવાનગી આપી.આ ઉપરાંત સારવારમાં અંગદાન માટે સતત જાગૃત નેફ્રોલોજીસ્ટ અને ટ્રન્સપ્લાન્ટ ફીઝીશ્યન ડો.દિવ્યેસ વિરોજાના નેતૃત્વ હેઠળ અંગો ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા.

**અંગદાન એટલે શુ ?** : અંગદાન એ એવું ઉમદા કાર્ય છે કે જે અંગદાતાને તેના મૃત્યુ પછી ઘણાની જીંદગી બચાવવાની તક આપે છે.દાન કરવામાં આવેલ અંગો,એવા દર્દીઓ કે જેને જીવાડવા માટેના છેલ્લા પ્રયત્નો પણ નિષ્ફળ ગયેલ હોય તેવામાં શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. ઘણા દર્દીઓ જુદા જુદા અંગોના અંતિમ સ્તરના રોગથી પીડાતા હોય છે.તેવા દર્દીઓ માટે કોઈનુ અંગદાન એ જ માત્ર તેની જીંદગી બચાવવા માટે આશાનું કિરણ છે. કોઈપણ માણસ કોઈપણ ઉમરે અંગદાન કરી શકે છે.

કોઈ માણસ કેવી રીતે અંગદાતા બની શકે ? અંગદાતા કાર્ડમાં સહી કરવાથી અંગદાન કરી શકાય છે. આવા અંગદાતાએ ડોનર કાર્ડમાં સહી કરેલ હોય તો પણ તેણે આવા અંગદાનની ઈચ્છા તેના નજીકના સગાને જણાવી તેની મંજુરી જણાવી રાખવી પડે.કારણ કે મૃતકના શરીરમાંથી અંગો કાઢવાની મંજુરી તેના સગા પાસેથી લેવી જરૂરી છે.ડોનર કાર્ય જેમાં જેણે સહી કરેલ હોય તેવી વ્યકિતની પાસે રાખવાનુ હોય છે.કેન્દ્રીય નર્વઝ સીસ્ટમનો અગત્યનો ભાગ "બ્રેઈન સ્ટેમ" જે રીપર ન થઈ શકે એટલી હદે ટેમેજ થયેલ હયો તેવી વ્યકિતને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવે છે. આવી વ્યકિતના અંગોનું દાન કરી શકાય છે.

વોકહાર્ટ હોસ્પિટલના આ દર્દીના અંગદાનથી એક દર્દીને લિવર, બે દર્દીને કિડની, બે દર્દીઓને ચક્ષુદાનથી નવુ જીવન અને સ્કીન ડોનેશનથી દાઝેલાની સારવાર શકય બનશે. આ કપરા સમયમાં સગા સંબીધીઓને સાંત્વના આપવાનું અને સમાજમાં જાગૃતિ થાય એ માટે મીડીયા વિભાગનુ કોર્ડીનેશન કરવાનું ખુબ જ અગત્યનું કાર્ય ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, રાજકોટના સામાજીક કાર્યકર ભાવનાબેન મંડલીએ કર્યુ હતું. આ ફાઉન્ડેશનના મદદથી ૧૦૨મું અંગદાન થયુ. ધાર્મિક વૃતિના પ્રભાબેનના અંગદાનથી સમાજમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરનાર સમગ્ર પરિવારને કોટી કોટી વંદન.

# ભારતને વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબી મુક્ત કરવાના લક્ષ્યાંકની સિદ્ધિ માટે સમાજ શક્તિને પ્રેરિત કરીએ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## રાજભવન ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબીના દર્દીઓ માટે સામૂહિક સહાયતા-નિક્ષય મિત્રને પ્રોત્સાહન માટે બેઠક યોજાઈ





અમદાવાદ, તા.૧૧

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતે રાજભવન ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબીના દર્દીઓ માટે સામૂહિક સહાયતા - નિક્ષય મિત્રને પ્રોત્સાહન આપવા યોજાયેલી બેઠકમાં જણાવ્યું હતું કે ભારતને વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબી મુક્ત કરવાના લક્ષ્યાંકની સિદ્ધિ માટે સમાજશક્તિને પ્રેરિત કરીએ.

રાજ્યપાલે જણાવ્યું હતું કે ટીબીના રોગની સારવાર માટે ઘનિષ્ઠ ઉપચાર સાથે પૌષ્ટિક આહારની આવશ્યકતા છે. આ માટે ભારત સરકારે સામુદાયિક સહાયતા માટે સમાજ શ્રેષ્ઠિઓ અને સંસ્થાઓને જોડીને સમાજશક્તિને પ્રેરિત કરી છે. તેમણે જણાવ્યું હતું કે ભારતીય સમાજમાં માનવસેવા એ જ પ્રભુ સેવા માનવામાં આવી છે. ત્યારે પૌષ્ટિક આહાર પૂરો પાડવા ટીબીના રોગીઓને દત્તક લઈ વધુને વધુ લોકો અને સંસ્થાઓ નિક્ષય મિત્ર બને અને પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપે. રાજ્યપાલશ્રીએ ટીબીના રોગ સામેની લડત માટે સ્વસ્થ જીવનશૈલી પૌષ્ટિક આહાર અને વ્યાયામ પ્રત્યે લોકજાગૃતિ કેળવવા પર પણ ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે ટીબીના રોગીઓને દત્તક લઈ નિક્ષય મિત્ર બનાવવા ક્ષેત્રે ગુજરાતમાં થઈ રહેલી કામગીરીનો ચિતાર આપ્યો હતો. તેમણે આ અભિયાનમાં ઉદ્યોગ ગૃહોને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી-સીએસઆર હેઠળ સહયોગી બનવા અનુરોધ પણ કર્યો હતો. આ પ્રસંગે નિક્ષય-મિત્ર અભિયાન અંતર્ગત ટીબીના દર્દીઓ દત્તક લઈ પ્રેરણા પૂરી પાડનારા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, નાયરા એનર્જી, કિરણ હોસ્પિટલ, ગુલબ્રાન્ડસેન પ્રાઈવેટ લિમિટેડ, તેમજ એનપીસીઆઈએલ-કાકરાપાર જેવી કંપનીઓના પ્રતિનિધિઓનું તેમજ આ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા જિલ્લા ટીબી ઓફિસર ડોક્ટર દિનેશ વસાવા, ડોક્ટર પિનાકીન પટેલ તેમજ ડોક્ટર નરેન્દ્ર સિંહ ઝાલાનું રાજ્યપાલે સન્માન કર્યું હતું.

આ બેઠકમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સામિના હુસેન., અગ્ર સચિવ રાજભવન રાજેશ માંજુ તેમજ નેશનલ હેલ્થ મિશનના મિશન ડાયરેક્ટર રમ્યા મોહન ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, નિક્ષય મિત્રો તેમજ ઓનલાઈન માધ્યમથી જિલ્લા ટીબી અધિકારીઓ પણ જોડાયા હતા કાર્યક્રમના અંતે આભાર દર્શન સંયુક્ત નિયામક ડોક્ટર રાકેશ વૈદ્યે કર્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

લોભનો નાશ કરો, ક્ષમા કરો,
અભિમાન ત્યજો, પાપ ન કરો, સત્ય બોલો...
- નીતિ શતક

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.ખોરદાદ-૧૩૯૨, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, કારતક વદ-૩, તા.૧૧ નવેમ્બર ૨૦૨૨, શુક્રવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૧૬, મૃગશીર્ષ નક્ષત્ર, શિવ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૦૩, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સાંજે ૬:૨૦ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મનમાં અશાંતિ રહે. ગૃહજીવનમાં ચકમક ઝરે.
વૃષભ: શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરો. અપશય ન મળે તેની તાકેદારી રાખજો.
મિથુન: મનમાં દુઃખ વ્યથા અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
કર્ક : ધીરજના ફળ મીઠા મળે. પરેશાની, તકલીફમાં વધારો થતો જણાય.
સિંહ: મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
કન્યા: મહેનતનું શુભ ફળ મળે. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.
તુલા : ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.
વૃશ્ચિક : વેપાર-વાણિજ્યના કાર્યમાં લાભ થાય.
ધન : કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.
મકર : લાભની તક સાંપડે. આર્થિક પ્રગતિજનક દિવસ વ્યતિત થાય.
કુંભ : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
મીન : મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.

# ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં સ્વ. ઈલાબેન ભટ્ટને શ્રદ્ધાસુમન અર્પિત કરતા રાજ્યપાલ






અમદાવાદ, તા.૧૧

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત ગુજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલી પૂર્વ કુલપતિ સ્વ. ઈલાબેન ભટ્ટની શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત રહ્યા હતા અને સદગતને શ્રદ્ધાસુમન અર્પિત કર્યા હતા. રાજ્યપાલશ્રીએ સ્વ. ઈલાબેન ભટ્ટને શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું હતું કે, મહિલા સશકિતકરણ, યુવાઓમાં કૌશલ્ય અને ગાંધી વિચારોને જનમાનસ સુધી પહોંચાડવાના કર્મયોગને સમર્પિત સ્વ. ઈલાબેન ભટ્ટનું જીવનકવન હંમેશા પ્રેરણાદાયી બની રહેશે.

મહાન વ્યકિત જીવનનો માર્ગ સ્વયં કંડારે છે અને અન્ય લોકોને તે માર્ગે પ્રયાણ કરવા પ્રેરિત કરે છે તેમ જણાવી રાજયપાલશ્રી એ ઉમેર્યું હતુ કે સ્વ.ઈલાબેન ભટ્ટે મહિલા સશક્તિકરણ ક્ષેત્રે સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત થાય તેવું ઉત્તમ કાર્ય કર્યુ હતું. તેમણે જણાવ્યું હતુ કે જન્મ અને મૃત્યુ વચ્ચેની મનુષ્યની જીવનયાત્રામાં કર્મ જ વ્યક્તિને મહાન બનાવે છે. રાજયપાલે આ પ્રસંગે સ્વ. ઈલાબેનભટ્ટના આત્માની પરમ શાંતિ અને પરિવારજનો ઉપર આવી પડેલા દુઃખને સહન કરવાની ઈશ્વર શક્તિ અર્પે એ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના વ્યકત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત સ્વ. ઈલાબેન ભટ્ટના સુપુત્ર મિહિરભાઈ ભટ્ટે સ્વ. ઈલાબેનના વિચારો રજૂ કર્યા હતા અને જણાવ્યુ હતું કે સ્વ. ઈલાબેન હંમેશા માનતા હતા કે રચનાત્મક રાષ્ટ્રના નિર્માણ માટે સક્રિય એકતા જરૂરી છે તેમણે જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓના ચહેરા જોઈને નવી ઊર્જા મળે છે તેવું કહેનારા સ્વ. ઈલાબેન ભટ્ટ આજીવન વિદ્યાર્થી બની રહ્યા.

આ શ્રધ્ધાંજલિ સભામાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રાજેન્દ્ર ખીમાણીએ સ્વ.ઈલાબેન ભટ્ટને વાત્સલ્યમૂર્તિ ગણાવી સંસ્મરણો તાજા કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાપીઠના શિક્ષણ શાખાના સેવકશ્રી દીપુબા, ઉપરાંત સેવક કમલેશભાઈ પટેલ તેમજ વિદ્યાર્થીઓ કરણસિંહ પરમાર, સોનલ ઝાપડિયા, પ્રિયા વ્યાસ અને જીજ્ઞેશ રાઠવાએ સ્વ. ઈલાબેન ભટ્ટના સંસ્મરણો યાદ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક નિખિલ ભટ્ટે શોક ઠરાવ રજૂ કરી ગુજરાત વિદ્યાપીઠ પરિવારવતી સદગતને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ બે મીનિટનું મૌન પાળી સદગતના આત્માને શાશ્વત શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# ગુજરાત કોંગ્રેસનું પતન છતાં રાહુલ સહિતનો મોવડીમંડળ સાવ નિષ્ક્રિય : નવા પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનું પણ પાણી મપાઈ ગયું

**શું રાષ્ટ્રીય કોંગ્રેસે ગુજરાતની ચૂંટણીમાં પ્રદેશ એકમને નધણિયાતું મૂકી નિષ્ક્રિય રહેવા ભાજપ સાથે કોઈ રાજકીય સોદાબાજી કરી છે ?, આ પ્રશ્ન હાલ ચર્ચાનો વિષય બન્યો છે**

અમદાવાદ તા.૧૧

વર્ષ ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચાર ઉપર નજર કરીએ તો જણાશે કે તે સમયે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ રાજ્યમાં ખાસ્સી મહેનત કરી હતી. એક પછી એક સભાઓ ગજવી હતી અને રાત-દિવસ એક કરી કોંગ્રેસને જીતાડવા ખૂબ જ મહેનત કરી હતી, જેનું પરિણામ પણ કોંગ્રેસ માટે આશા જનમાવનારૂં આવ્યું હતું અનો ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસે જીત મેળવતા ભાજપને હંફાવી દીધો હતો. શરૂઆતમાં ભાજપનો વિજય પાતળી સરસાઈથી રહ્યો હતો તેમ કહી શકાય, જો કે, પાછળથી ભાજપ કોંગ્રેસના ધારાસભ્યો તોડવામાં સફળ રહ્યો હતો પણ ગત ચૂંટણીમાં કોંગ્રેસે ફાઈટ આપી ભાજપનો ડબલ ડીજીટ સુધી જ મર્યાદિત રાખ્યું હતું પણ આ વખતની ચૂંટણીમાં અલગ જ ચિત્ર જોવા મળી રહ્યું છે. રાષ્ટ્રીય કોંગ્રેસે જાણે પ્રદેશ કોંગ્રેસનો અનાથ છોડી દીધી હોય તેવો ઘાટ સર્જાયો છે. રાહુલ ગાંધી ભલે ભારત જોડો યાત્રામાં વ્યસ્ત હોવાનું કહેતા હોય પણ હજુ રાહુલ ગાંધી કે પ્રિયંકા ગાંધી ગુજરાતમાં પ્રચાર માટે ન આવતાં આ વાત ચૂંટણી નિષ્ણાતોને ખૂંચી રહી છે. વળી કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પાર્ટીનો સાથ છોડી રહ્યા છે છતાં રાષ્ટ્રીય કોંગ્રેસનો એક પણ નેતા ડેમેજ કન્ટ્રોલની કવાયતમાં જોડાવા ગુજરાત આવ્યા નથી. હજુ ગઈકાલે જ ૫૦ વર્ષથી કોંગ્રેસમાં રહેલા અગ્રણી નેતા મોહનસિંહ રાઠવાએ પાર્ટી સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા હતા. જે કોંગ્રેસ માટે મોટા આંચકા સમાન છે. આ ઘટના બરાબર ચૂંટણી સમયે જ બની હોવાથી ચિંતાજનક છે છતાં કોંગ્રેસના એકપણ રાષ્ટ્રીય નેતા ગુજરાત દોડી આવ્યા નથી. બીજી તરફ તાજેતરમાં ચૂંટણી થકી કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ બનેલા મલ્લિકાર્જુન ખડગેનું પણ પાણી મપાઈ ગયું છે. કેમ કે તેઓએ પણ પ્રમુખ બન્યા બાદ ચૂંટણી ટાણે ગુજરાતમાં એકપણ વખત ડોકિયું કર્યું નથી કે, ગુજરાતની ચૂંટણી જીતવા માટે કોઈ સક્રિયતા દેખાડી નથી. આ તમામ મુદ્દા એટલા માટે ઉપસ્થિત થાય છે કેમ કે, ભાજપનો મજબૂત સ્થિતિમાં મૂકવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના નેતાઓ કામે લાગી ગયા છે. ગુજરાતમાં નવી સવી આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અનો પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનો પણ ગુજરાતમાં ધામા નાંખ્યા છે પણ એસી કેબિનમાં બેસી રાજનીતિ કરવા માટે જાણીતી કોંગ્રેસના એકપણ રાષ્ટ્રીય નેતા હજુ સુધી અસરકારક ચૂંટણી પ્રચાર માટે ગુજરાતમાં ફરકયા નાથી. જે કોઈ રાજકીય સોદાબાજી તરફ ઈશારો કરતું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# કેન્દ્ર સરકારે દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને SC સૂચિમાંથી બહાર રાખવા માટે 'વિદેશી યોગદાન'નો ઉલ્લેખ કર્યો

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલ એફિડેવિટમાં દાવો કરવામાં આવ્યો છે કે દલિત મુસ્લિમો અને દલિત ખ્રિસ્તીઓને અનુસૂચિત જાતિની સૂચિમાંથી બહાર રાખવા માટે ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના કથિત રૂપે વિદેશી યોગદાનને વાજબી ઠેરવવામાં આવ્યું છે. આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે એફિડેવિટ કેટલાક સ્થળોએ વિરોધાભાસી છે અને અનુસૂચિત જાતિની સૂચિમાં કયા સમુદાયોનો સમાવેશ કરી શકાય તે નક્કી કરવા માટે વર્તમાન માપદંડોનો બચાવ કરતી તેની દલીલોમાં સ્પષ્ટતાનો અભાવ છે. સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે ઓક્ટોબરમાં એફિડેવિટ દાખલ કરી હતી, સેન્ટર ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાંથી ઉદ્ભવતા કેસમાં આરોપ મૂક્યો હતો કે બંધારણ (અનુસૂચિત જાતિ) ઓર્ડર ૧૯૫૦ બંધારણની કલમ ૧૪ અને ૧૫નું ઉલ્લંઘન કરે છે. તે અનુસૂચિત જાતિ સમુદાયોના એવા સભ્યો સાથે ભેદભાવ કરે છે જેમણે હિંદુ, શીખ અને બૌદ્ધ ધર્મ સિવાયના ધર્મોમાં પરિવર્તન કર્યું છે. વર્તમાન ભારતીય નાગરિકો અને વિદેશીઓ વચ્ચે વર્ગીકરણનો મામલો છે જેના ઉપર કોઈ પણ રીતે શંકા કરી શકાય નહીં. તે સારી રીતે સ્થાપિત છે કે કલમ ૧૪ વર્ગ કાયદાને પ્રતિબંધિત કરે છે પરંતુ વર્ગીકરણને પ્રતિબંધિત કરતું નથી. સેકટરમાં સ્થાનિક યોગદાન અને વિદેશી યોગદાન વચ્ચે સ્પષ્ટ બુદ્ધિગમ્ય તફાવત છે. અલબત્ત, આ કેસ વિદેશીઓનો નથી પરંતુ ભારતીય નાગરિકોનો છે. આ રીતે કેન્દ્ર સરકાર હિંદુ ધર્મ, શીખ ધર્મ અને બૌદ્ધ ધર્મ પાળતા અનુસૂચિત જાતિ સમુદાયો અને અન્ય ધર્મો પાળતા અનુસૂચિત જાતિ સમુદાયો વચ્ચે ભેદભાવ કરે છે. અધિકૃત ડેટા સૂચવે છે કે હિન્દુ સમાજમાં જે દમનકારી વાતાવરણ સેંકડો વર્ષોથી અનુસૂચિત જાતિઓ માટે અસ્તિત્વમાં છે તે ખ્રિસ્તી અથવા ઈસ્લામિક સમાજમાં પણ અસ્તિત્વમાં છે. અહેવાલમાં આવા વધુ વિરોધાભાસો ટાંકવામાં આવ્યા છે. સરકાર દાવો કરે છે કે ખ્રિસ્તી અને મુસ્લિમ દલિતોએ તે અન્ય દલિત સમુદાયો જેવા જ જુલમનો સામનો કર્યો હતો કે કેમ તે અંગે કોઈ સંશોધન નથી અને તેમને બાકાત રાખવું એ ડેટા ઉપર આધારિત છે. આ અહેવાલોએ ધાર્મિક સમુદાયોમાં, તે ધર્મોના દલિત લોકો સામે પણ આવા ભેદભાવ તરફ ધ્યાન દોર્યું છે. સરકારે દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લિમોને SC સૂચિમાં સામેલ કરી શકાય કે કેમ તે અંગેના મૂળભૂત અને ઐતિહાસિક રીતે જટિલ સામાજિક અને બંધારણીય પ્રશ્ન ઉપર ધ્યાન આપવા માટે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ કે.જી. બાલકૃષ્ણનની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોના તપાસ પંચની પણ રચના કરી છે.

# ભાજપના ધારાસભ્ય હકુભા જાડેજાની સામે કેસ પાછો ખેંચવા અરજી કરવા બદલ HCએ રાજ્ય સરકારની ઝાટકણી કાઢી

**એસ્સાર પ્લાન્ટ ખાતે વર્ષ ૨૦૦૭માં તોફાનોના કેસમાં MLAને બચાવવા માટે કાયદાની પ્રક્રિયાને અટકાવવા અને કાયદાની પ્રક્રિયાને ઢાલ બનાવવા બદલ રાજ્ય સરકારની વર્તણૂંકની ટીકા કરી અરજી ફગાવી. ખાસ સરકારી વકીલ સરકારની કઠપૂતળી અને પોસ્ટમેન તરીકે કામ કર્યું હોવાની હાઈકોર્ટે લીધી નોંધ**

અમદાવાદ, તા.૧૧

ભાજપના જામનગર ઉત્તરના વર્તમાન ધારાસભ્ય અને રાજ્યકક્ષાના ભૂતપૂર્વ મંત્રી હકુભા જાડેજા સામે ફોજદારી કાર્યવાહી પાછી ખેંચવાના કિસ્સામાં ગુજરાત હાઈકોર્ટે કાયદાની પ્રક્રિયાને અટકાવવાના પ્રયાસ અને કાયદાની પ્રક્રિયાને ઢાલ બનાવવા બદલ રાજ્યસરકારની વર્તણૂકની ઝાટકણી કાઢી હતી

ન્યાયમૂર્તિ નિરલ મહેતાએ સાંસદો અને ધારાસભ્યો સામેના કેસોની સુનાવણી માટે સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા સ્પેશિયલ પબ્લિકપ્રોસિક્યુટર (SPP) દ્વારા હકુભા જાડેજા સામે વર્ષ ૨૦૦૭માં નોંધાયેલો કેસ પાછો ખેંચવા માટે કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે એસપીપીને સરકારના કઠપૂતળી અને પોસ્ટમેન ગણાવીને તેના વર્તનની ટીકા કરી હતી અને સત્તાના દબાણમાં કામ કર્યું હોવાની નોંધ કરી હતી. પોતાના ચુકાદામાં જસ્ટીસ મહેતાએ નોંધ્યું હતું કે આ બાબત કોઈ શંકાની બહાર સ્થાપિત કરે છે કે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરે માત્ર સરકારની સૂચનાઓ ઉપર કામ કર્યું છે અને ત્યાંથી પોતાને માત્ર "પોસ્ટમેન" તરીકે વર્તન કર્યું છે. ઉક્ત અરજી જાહેર નીતિ અને ન્યાયના હિતમાં, સદ્ભાવનાથી દાખલ કરવામાં આવી હોવાના બદલે, તે સંપૂર્ણ રીતે રાજકીય હિત સાથે દાખલ કરવામાં આવ્યું હોય તેવું લાગે છે. તેથી, તે કાયદાની પ્રક્રિયાને નિષ્ફળ બનાવવા અને તેને દબાવવાના પ્રયાસ સિવાય બીજું કંઈ નથી. કેસની વિગતો મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના એસપીપી કમલેશ દવે દ્વારા દાખલ કરાયેલી અરજીમાં તત્કાલીન જામનગર જિલ્લાના વાડીનારમાં એસ્સાર જૂથના પ્લાન્ટમાં સશસ્ત્ર રમખાણોના કેસમાં BJPના જામનગર ઉત્તરના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ ઉર્ફે હકુભા જાડેજા સામેની કાર્યવાહી પાછી ખેંચવા માટે હાઈકોર્ટની રજા માંગી હતી. નીચલી કોર્ટે વર્ષ ૨૦૦૮માં આ કેસમાં જાડેજા અને અન્ય ૪૫ સામે આરોપો ઘડ્યા હતા.

વર્ષ ૨૦૨૦માં એસઆર વસાવા નામના આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર કે જેમણે આ કેસ ચલાવ્યો હતો તેમણે જાડેજા સામેની કાર્યવાહી પાછી ખેંચવા માટે અરજી કરી હતી અને તેને મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ દ્વારા નકારી કાઢવામાં આવી હતી. ત્યારબાદ ડિસ્ટ્રિક્ટ ગવર્મેન્ટ પ્લીડર અને હકુભા દ્વારા રાજ્ય સરકાર દ્વારા દાખલ કરાયેલી અપીલ વર્ષ ૨૦૨૦માં ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. બાદમાં સરકારે SPPની નિમણૂંક કરી હતી અને તેમણે ફરિયાદ પાછી ખેંચવા માટે નવી અરજી દાખલ કરી હતી. અરજી પેન્ડિંગ હતી ત્યારે સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપ્યો જેમાં તેને ફરજિયાત કરવામાં આવ્યું હતું કે સાંસદો અને ધારાસભ્યો સામેની કાર્યવાહી પાછી ખેંચવાના કિસ્સામાં HCની પરવાનગી જરૂરી છે. આમ દવેએ આ વર્ષે ઓગસ્ટમાં હાઈકોર્ટ સમક્ષ અરજી કરી હતી અને કેસ પાછો ખેંચવા માટે મંજૂરી માગી હતી.

હાઈકોર્ટમાં સરકારી વકીલે રજૂઆત કરી હતી કે આ નિર્ણય જાહેર હિતમાં લેવામાં આવ્યો છે. પરંતુ હાઈકોર્ટે સરકારની અને સરકારી વકીલની ઝાટકણી કાઢી હતી. કોર્ટે નોંધ્યું હતું કે સરકારી વકીલ દ્વારા ઉચ્ચ અધિકારીઓના આગ્રહને ધ્યાનમાં લઈને કાર્યવાહી પાછી ખેંચવાની અરજી કરવામાં આવી છે. કોઈપણ ભોગે, રાજ્ય સરકાર વિશાળ જાહેર હિતના બહાને કોડની કલમ ૩૨૧ની જોગવાઈઓ હેઠળ તેમના વર્તમાન ધારાસભ્યને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. આ કોર્ટને એવું લાગે છે કે આ અરજી સાચા ઈરાદા સાથે દાખલ કરવામાં આવી નથી, પરંતુ વર્તમાન ધારાસભ્ય કાયદાની પ્રક્રિયાથી પસાર થવાની જવાબદારીમાંથી છટકી જાય તે જોવા માટે દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટે વધુમાં નોંધ્યું હતું કે નીચલી અદાલતના વિશેષ સરકારી વકીલ એ રાજ્ય સરકારના હાથની એક સંપૂર્ણ "કઠપૂતળી" સિવાય બીજું કંઈ નથી જેણે Cr.P.C.માં પરિકલ્પના મુજબ કોર્ટ પ્રત્યેની તેમની જવાબદારી નિભાવી નથી. ધ્યાનમાં રાખીને અને માત્ર ઉપરી અધિકારીને ખુશ કરવાના હેતુથી આવી અરજી કરી હતી. આમ કોર્ટે અરજી ફગાવી દેતા જાડેજા માટે ચૂંટણી સમયે જ મુશ્કેલી સર્જાઈ છે.

# નોટબંધી અંગે કેન્દ્ર સરકાર સોગંદનામું દાખલ કરવામાં નિષ્ફળ સુપ્રીમ કોર્ટે કહ્યું : આ અત્યંત શરમજનક, સુનાવણી સ્થગિત કરી

નવી દિલ્હી તા.૧૧

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં નોટબંધીના કેસની સુનાવણી ૨૪ નવેમ્બર સુધી ટાળી દીધી છે. કેન્દ્ર સરકાર એફિડેવિટ દાખલ કરવામાં નિષ્ફળ રહી હતી જેના પગલે સુપ્રીમ કોર્ટ વિફરી હતી અને કહ્યું હતું કે આ અત્યંત શરમજનક છે. ૧૧ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને આરબીઆઈને ૨૦૧૬ના નોટબંધીના નિર્ણય ઉપર એફિડેવિટ દાખલ કરવા અને આરબીઆઈને કેન્દ્રના પત્ર, આરબીઆઈ બોર્ડના નિર્ણય અને નોટબંધીની જાહેરાત અંગેની ફાઈલો તૈયાર રાખવા જણાવ્યું હતું. જસ્ટિસ એસ.એ.નઝીરની આગેવાની હેઠળની પાંચ જજોની બંધારણીય બેંચ સમક્ષ જ્યારે એટર્ની જનરલ આર. વેંકટરમાણીએ એફિડેવિટ દાખલ કરવા માટે વધુ સમય માંગ્યો ત્યારે નારાજ બેન્ચે આ કેસ મુલત્વી રાખ્યો હતો અને સુનાવણી આગળ લંબાવી દીધી હતી. વેંકટરમાણીએ સોગંદનામું તૈયાર ન કરી શકવા બદલ બેન્ચ સમક્ષ માફી માંગી અને એક સપ્તાહનો સમય માંગ્યો હતો. અરજદારોના અન્ય વકીલે રજૂઆત કરી હતી કે કેન્દ્ર સરકાર એફિડેવિટ દાખલ કરવા માટે તેમનો સમય લઈ શકે છે. અન્ય અરજદારનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલે કહ્યું કે પરિસ્થિતિ શરમજનક છે. કાર્યવાહી સ્થગિત કરતી વખતે, સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું કે સરકાર અને આરબીઆઈએ એક અઠવાડિયાની અંદર તેમના સોગંદનામા સબમિટ કરવા પડશે. ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટોને ચલણમાંથી બહાર કાઢવાના કેન્દ્રના ૨૦૧૬ના નોટબંધીના નિર્ણયને પડકારતી ૫૦થી વધુ અરજીઓ ઉપર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી છે.

# ભારતના ભાગોમાં હિન્દુઓને લઘુમતી જાહેર કરવાની કાયદાકીય અસરો શું હોઈ શકે ?

## ભારતમાં કાનૂની આધાર છે, પરંતુ આવી માંગ લઘુમતીઓની સ્વીકૃત વ્યાખ્યા અને બહુમતીવાદથી રક્ષણના અંતર્ગત સિદ્ધાંતોની વિરૂદ્ધ છે

૨૯મે, ૨૦૧૨ના રોજ શ્રીનગરથી ૩૦ કિલોમીટર પૂર્વમાં તુલ્લામુલ્લા ગામમાં ખેરભવાની મંદિરમાં કાશ્મીરી હિન્દુઓ. ભારતનું બંધારણ ઘડતી વખતે, બંધારણ સભાના ૨૯ સભ્યોએ ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓના અધિકારોને લગતી જોગવાઈઓને સ્પષ્ટ કરવા માટે બે દિવસની ચર્ચામાં ભાગ લીધો હતો, જે ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારોનો એક ભાગ છે. કલમ ૨૯ હેઠળ, અલગ ભાષા, લિપિ અથવા સંસ્કૃતિને "સંરક્ષિત" કરવાના અધિકારો ઉપલબ્ધ છે. કલમ ૩૦ હેઠળ, "ધર્મ" અથવા "ભાષા" ઉપર આધારિત તમામ લઘુમતીઓને તેમની "પસંદગી"ની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને સંચાલન કરવાનો અધિકાર છે. આ નિર્ણાયક ચર્ચાઓ દરમ્યાન થોડા સભ્યોએ "સમુદાય" ધોરણે આ અધિકાર ઉપલબ્ધ કરાવવા માટે તેમનો અવાજ પણ ઉઠાવ્યો હતો. ધારાશાસ્ત્રીઓનું એક જૂથ તેમની વિશિષ્ટ ભાષાને માત્ર "સંરક્ષણ" કરવામાં જ ખુશ નહોતું, તેઓ તેમાં "વિકાસ" શબ્દ ઉમેરવા માગતા હતા. જો કે, "સમુદાય" અથવા "વિકાસ" શબ્દો સત્તાવાર રીતે અપનાવવામાં આવેલા બંધારણનો ભાગ નથી. લઘુમતીઓના સમકાલીન રાજકારણને સમજવામાં આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ મહત્ત્વપૂર્ણ છે, ખાસ કરીને કેન્દ્ર સરકાર હિંદુઓને "લઘુમતી" તરીકે ઘોષિત કરે તેવી માંગ કેટલાક રાજ્યોમાં છે, જ્યાં તેઓ સંખ્યાત્મક રીતે ઓછા છે. આ દાવો લઘુમતીઓની સામાન્ય રીતે સ્વીકૃત વ્યાખ્યા અને ભારતની ૮૫% વસ્તી હિંદુઓની છે તે હકીકતના પ્રકાશમાં બહુમતીવાદથી રક્ષણના અંતર્ગત સિદ્ધાંતોની વિરૂધ્ધ છેધ્ તે જ સમયે, ૨૦૦૨ના TMA પાઈ કેસમાં આપવામાં આવેલા લઘુમતીઓને લગતા ભારતના સર્વોચ્ચ અદાલતના સીમાચિહ્નરૂપ ચુકાદા મુજબ આ દાવાનો અમુક કાનૂની આધાર છે. પાઈના કેસએ સૂચવ્યું હતું કે ભારતમાં રાજ્યોની રચના માટે ભાષાઓનો આધાર હતો અને તેથી, કલમ ૩૦ના હેતુઓ માટે, રાજયના સંબંધમાં "ભાષાકીય લઘુમતી" નક્કી થવી જોઈએ.

"ધાર્મિક લઘુમતીઓ"ની સ્થિતિ પણ સમાન ધોરણે જણાવવામાં આવી હતી; લઘુમતીઓના અધિકારો ઉપરાંત તમામ નાગરિકોના સામાન્ય રીતે બાંયધરીકૃત અધિકારો સારી રીતે સ્વીકારવામાં આવતા નથી. પાઈ કેસના એક ન્યાયાધીશે એવું પણ જણાવ્યું હતું કે બંધારણ જે રાજકીય સંદર્ભમાં તેને ઘડવામાં આવ્યું હતું તેને પ્રકાશિત કરે છે અને વિશેષ અધિકારોની રાજકીય સામગ્રી "લઘુમતીઓને આપવામાં આવી હતી". બંધારણ હેઠળ લઘુમતી સમુદાયોના અધિકારો બંધારણના મૂળભૂત માળખાના એક ભાગની રચના કરે છે અને તે બદલી ન શકાય તેવા અને અવિભાજ્ય હતા. તેથી, હિંદુઓના દાવા કે તેમની ગણતરી રાજ્ય સ્તરે થવી જોઈએ તે ટાળી શકાય નહીં.

### વ્યક્તિગત ઓળખ, વિવિધતા

આ તબક્કે રસપ્રદ મુદ્દો એ છે કે પાઈ ચુકાદો એ ભારતની બહુસ્તરીય વિવિધતાની સ્વીકૃતિ છે. ચુકાદાએ એ હકીકતની સ્થાપના કરી કે દરેક વ્યક્તિ, તેમની ભાષા, જાતિ અથવા ધર્મ ગમે તે હોય, તેની પોતાની વ્યક્તિગત ઓળખ હોય છે, જે સાચવવામાં આવે છે જેથી કરીને જ્યારે એકરૂપ બને ત્યારે તે ભારતની વિવિધ ભૌગોલિક વિશેષતાઓને પ્રતિબિંબિત કરે. બીજી બાજુ, આપણી પાસે બહુમતીવાદી સરકાર છે જેણે ખાતરી કરી છે કે મોટાભાગે મુસ્લિમ લઘુમતીઓને જાહેર સંસ્થાઓની બહાર રાખવામાં આવે અને રોજગારની વિવિધ શરતો લાદી છે જેમ કે મોટાભાગના મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સિસ્ટમમાં ન આવે. તેમના પહેરવેશ, ખાવાની ટેવ, રહેવાની રીત અને ધાર્મિક શિસ્ત ઉપર વહીવટી અને સંસ્થાકીય સમર્થન સાથે આ ચળવળો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. વર્તમાન સરકારે વિવિધતાને નિરર્થક સિદ્ધાંત બનાવીને હિંદુત્વ ઉપર આધારિત "રાષ્ટ્રવાદ"ની તેમની ઈચ્છિત વ્યાખ્યા હાંસલ કરવા માટે "સમાનતા" સિદ્ધાંતને ટેકો આપ્યો છે. દેશના "રાષ્ટ્રીય" સામાજિક-ધાર્મિક પાત્રને વ્યાખ્યાયિત કરતી વખતે, મુસ્લિમો અને ખ્રિસ્તીઓની સાંસ્કૃતિક પ્રથાઓ, ભાષાઓ અને માન્યતા પ્રણાલીઓ ભારત માટે અજાણી છે અને તેને બાકાત રાખવાની જરૂર છે તે વર્ણનને વિકસાવવા માટે ઈલેક્ટ્રોનિક મીડિયાએ એક રવેશ બનાવ્યો છે. આ પ્રકારનો રાષ્ટ્રવાદ ચોક્કસપણે સર્વસમાવેશક સમાજનો સારો સંકેત નથી.

હિન્દુઓને લઘુમતી તરીકે સૂચિબદ્ધ કરવાથી બે રસપ્રદ પ્રશ્નો ઊભા થાય છે. પ્રથમ, હિંદુ કોણ છે ? બીજું, શું સંસદ પાસે આ સંબંધમાં વિશિષ્ટ સત્તા છે અને શું રાજ્ય વિધાનસભાઓ લઘુમતી કોણ છે તે જાહેર કરવા સક્ષમ છે ? ભારતની સર્વોચ્ચ અદાલતના ૧૯૬૬ના ચુકાદામાં, ભારતના મુખ્ય ન્યાયાધીશ પીબી ગજેન્દ્રગડકર દ્વારા બોલતી પાંચ જજોની બેન્ચે લખ્યું હતું કે હિંદુ ધર્મ (અથવા હિંદુ) ''કોઈ એક ભગવાનની પૂજા કરતું નથી; તે કોઈપણ એક વિશ્વાસને માણતું નથી; તે કોઈ એક તત્વજ્ઞાનના ખ્યાલમાં માનતો નથી; તે ધાર્મિક સંસ્કારો અથવા પ્રદર્શનના કોઈપણ એક સમૂહને અનુસરતું નથી; વાસ્તવમાં, તે કોઈપણ ધર્મ અથવા સંપ્રદાયની સાંકડી પરંપરાગત લાક્ષણિકતાઓને સંતોષતું દેખાતું નથી. તેને વ્યાપક રીતે જીવનના માર્ગ તરીકે વર્ણવવામાં આવી શકે છે અને તેનાથી વધુ કંઈ નથી." પાછળથી, ૧૯૯૫માં, ન્યાયમૂર્તિ જેએસ વર્માએ આ વ્યાખ્યાને રાજકીય શબ્દ "હિંદુત્વ" સાથે વાંચી. ૧૯૯૫ની સુપ્રીમ કોર્ટની આ વ્યાખ્યા પછી મોટાભાગના નાગરિકો મૂળભૂત રીતે, "હિંદુ" કહેવાય છે. હિંદુ મેરેજ એક્ટ જેવા કાયદા કહે છે કે હિંદુ કાયદો દરેકને લાગુ પડશે જો તે મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી અથવા યહૂદી ન હોય. અહીં પણ, ખ્યાલ ''હિન્દુ'' એ દરેક વ્યક્તિ છે જે આ ચાર ધર્મોમાંથી આવતા નથી. હવે, પ્રશ્ન એ છે કે શું આપણને એવા સમુદાયની આટલી ઢીલી વ્યાખ્યા પરવડી શકે જે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૯ અને ૩૦ હેઠળ રક્ષણ સાથે સંબંધિત "લઘુમતી"ની વ્યાખ્યામાં સમાવવાનો દાવો કરે છે. તે જ સમયે, આપણી પાસે સુપ્રીમ કોર્ટે લઘુમતીઓ માટેના કમિશનને સૂચના આપી છે કે સૂચિત લઘુમતીઓની સૂચિમાં વિવિધ સમુદાયોના દાવાઓને ઉમેરવા માટે પ્રોત્સાહિત ન કરે, અને સામાજિક પરિસ્થિતિઓ બનાવવા માટે મદદ કરવા માટેના માર્ગો અને માધ્યમો સૂચવવા જોઈએ જ્યાં સૂચિત લઘુમતીઓની સૂચિ ધીમે ધીમે ઘટાડવામાં આવે અને સંપૂર્ણપણે દૂર કરવામાં આવે.

### રાજ્યની સત્તાઓ, કેન્દ્ર

બીજા પ્રશ્નના સંદર્ભમાં, બંધારણનું અર્ધ-સંઘીય માળખું હોવાને કારણે, કેન્દ્ર સરકાર ઉપરાંત, રાજ્યને તેના પ્રદેશમાં બિન-પ્રભુત્વ ધરાવતા સમુદાયોની ભાષા અને ધર્મની વિવિધતાને માન્યતા આપવાની સત્તા છે. કેન્દ્ર સરકાર અસ્પષ્ટ અને તકવાદી હોવાનું જણાય છે; શરૂઆતમાં તેઓએ સુપ્રીમ કોર્ટમાં સ્ટેન્ડ લીધો હતો કે સંસદ અને રાજ્ય વિધાનસભા બંને પાસે આ સંબંધમાં એકસાથે સત્તા છે. જો કે, સમાન મુકદ્દમાની અનિર્ણિત અવસ્થા દરમિયાન, અનુગામી એફિડેવિટમાં, કેન્દ્રએ જણાવ્યું હતું કે, લઘુમતીઓને સૂચિત કરવાની સત્તા કેન્દ્ર સરકાર પાસે છે. કેન્દ્રના આ વલણથી સંઘીય બંધારણીય માળખામાં ઘર્ષણ સર્જાશે. કહેવાની જરૂર નથી કે કેન્દ્રીય સત્તાઓ ઉપરાંત, પ્રાદેશિક ભાષાઓ રાજ્યોની વિધાનસભા દ્વારા નિયમનને આધીન છે. ધાર્મિક અધિકારોને અસર કરતા તમામ કાયદાઓ જાહેર વ્યવસ્થા અને આરોગ્યનો વિષય છે અને તે રાજ્યની કાયદાકીય સત્તાઓમાં પણ છે. "લઘુમતી"ના નિર્ધારણના આ બે મૂળભૂત મુદ્દાઓ-ભાષા અને ધર્મ-રાજય અને કેન્દ્રના સહવર્તી અધિકારક્ષેત્રમાં છે. પરિણામે, શું આપણે રાજ્યને "લઘુમતી" જાહેર કરવાની સત્તામાંથી બાકાત રાખી શકીએ ?

કેન્દ્ર દ્વારા આ ઉલટફેર માત્ર કેન્દ્રની અંદર સત્તા કેન્દ્રિત કરવા માટે જ કામ કરશે. તે વિવિધ મુદ્દાઓ તરફ દોરી જશે જેમ કે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લેવાની પ્રક્રિયામાં વિવિધ પ્રદેશોનું પ્રતિનિધિત્વ ન કરવું. આપણે એ હકીકતને ભૂલી શકીએ નહીં કે આપણા બંધારણની મૂળભૂત વિશેષતાઓમાંની એક "સંઘીય" માળખું છે, જેમાં સુધારો કરી શકાતો નથી. સ્થાનિક સ્તરે ભારતની વસ્તીની વિવિધતાને ફક્ત ઓળખવી એ આવા નિર્ધારણ માટેનો શ્રેષ્ઠ માર્ગ છે.

### ભારતમાં લઘુમતીઓ

વિધાનસભાઓ દ્વારા બનાવવામાં આવેલ હાલની નિયમનકારી જોગવાઈઓ ઉપર પાછા આવતાં, સંસદે ૧૯૯૨માં એક કાયદો ઘડ્યો હતો જેના દ્વારા લઘુમતીઓની પ્રગતિ અને વિકાસનું મૂલ્યાંકન કરવા માટે અને લઘુમતીઓના હિત માટે રાષ્ટ્રીય લઘુમતી આયોગની સ્થાપના કરવામાં આવી હતી અને બંધારણમાં સુરક્ષાના રક્ષણ માટેના કાર્ય પર દેખરેખ રાખવામાં આવી હતી. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ આ સંસ્થાએ ઘોષિત લઘુમતીઓના હિતોનું અસરકારક રીતે રક્ષણ કરવાને બદલે પોતાની જાતને સુશોભિત મૂલ્યની સાબિત કરી છે. તેનું અસંવેદનશીલ કાર્ય રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ જેવા કમિશનથી અલગ નથી, જેનું નેતૃત્વ અગાઉ ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ દ્વારા કરવામાં આવ્યું હતું અને હાલમાં સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશની આગેવાની હેઠળ છે. દેશના સૌથી વધુ એકંદર બહુમતી સમુદાયને લઘુમતી સમુદાયોની યાદીમાં ઉમેરાયા બાદ આ કમિશન તેની કામગીરીની રીતમાં ફેરફાર કરશે કે કેમ તે જોવું રસપ્રદ રહેશે.

૨૦૦૪માં, લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ માટે રાષ્ટ્રીય કમિશનની રચના કરવામાં આવી હતી જેથી શૈક્ષણિક સંસ્થાઓ લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ તરીકે તેમની માન્યતા મેળવવા માટે સક્ષમ બને, જેમાં કેન્દ્ર સરકારને "લઘુમતી" કોણ છે તે સૂચિત કરવાની સત્તા હતી. તેણે લઘુમતીઓના નિર્ણયને તેમના વ્યક્તિલક્ષી વિવેક ઉપર છોડી દીધો. તદનુસાર, કેન્દ્ર સરકારે છ ધાર્મિક અને ભાષાકીય સમુદાયોને લઘુમતી તરીકે જાહેર કર્યા (પાઈ સિદ્ધાંતના કોઈ પ્રતિબિંબ વિના). કલમ ૨૯ અને ૩૦ ધાર્મિક બહુમતી અને લઘુમતી વચ્ચે સંતુલન સુનિશ્ચિત કરવા માટેના કરારનું પ્રતિનિધિત્વ કરે છે. લઘુમતી, ખાસ કરીને મુસ્લિમો અને ખ્રિસ્તીઓને, બહુમતીના હાથે બિન-ભેદભાવ માટે ખાતરીની જરૂર હતી. આ જોગવાઈ અન્ય પછાત વર્ગો અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની જેમ જ લઘુમતીઓના રક્ષણ માટેની સાર્વત્રિક બંધારણીય જોગવાઈ સાથે સુસંગત છે, જેમને એક જ બંધારણમાં અલગ જગ્યા એ પોતાનું રક્ષણ આપવામાં આવ્યું છે.

જો આ દાવો સફળ થાય છે, તો ભારત એક વૈશ્વિક ઉદાહરણ બની જશે કે તેના હાથમાં અધિકૃત રાજકીય સત્તા સાથેના સૌથી પ્રબળ ધાર્મિક અને રાજકીય સમુદાયને પણ બહુમતીવાદથી બંધારણીય સુરક્ષાની મદદની જરૂર છે - સુરક્ષાનો અર્થ રાષ્ટ્રના સૌથી સામાજિક, આર્થિક અને રાજકીય રીતે નબળા સમુદાયો માટે રક્ષણ છે. લેખક ભારતની સર્વોચ્ચ અદાલત તેમજ ભારતની વિવિધ ઉચ્ચ અદાલતોમાં નવી દિલ્હી સ્થિત પ્રેક્ટિસ કરતા વકીલ છે.

(સૌ.: સ્ક્રોલ.ઈન)

### પશુપાલકો માટે આવકારદાયક નિર્ણય

# માહી ડેરી દ્વારા દૂધની ખરીદીનો કિલો ફેટનો ભાવ વધારીને રૂા.૭૭૦ કરાયો

**ટૂંકા ગાળામાં ચોથી વખત માહી ડેરી દ્વારા ભાવ વધારાયા, સૌરાષ્ટ્ર – કચ્છના એક લાખથી વધુ દૂધ ઉત્પાદક સદસ્યોને લાભ મળશે**

રાજકોટ, તા. ૧૧

રાજ્યમાં આ વર્ષે પશુઓના ખાણદાણની કિંમતોમાં સતત વધારો થતા પશુપાલકોની સ્થિતિ કપરી બની ગઈ છે ત્યારે સૌરાષ્ટ્ર -કચ્છના ખેડૂતોની પોતાની સંસ્થા માહી ડેરી દ્વારા પશુપાલકોને ચૂકવાતા દૂધના ભાવમાં કિલો ફેટદીઠ રૂા.૧૦નો વધારો કરી કિલો ફેટના ભાવ રૂા. ૭૭૦ કરી દેવાતા પશુપાલકોમાં આનંદ છવાઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે માહી ડેરી દ્વારા દૂધ ઉત્પાદક સદસ્યોના હિતમાં ટૂંકા સમયગાળામાં ચોથી વખત આ ભાવ વધારો કરવામાં આવ્યો છે.

રાજ્યમાં પશુઓના ખાણ દાણની કિંમતોમાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. લીલા ચારાના ભાવ આસમાને પહોંચી ગયા છે તેની સાથે સાથે દાણ બનાવતી મોટાભાગની કંપનીઓએ દાણની બેગના ભાવમાં પણ અસહ્ય વધારો કરી દીધો છે ત્યારે પશુપાલકોની મુશ્કેલ સ્થિતિને ધ્યાને લઈને દૂધ ઉત્પાદકોની પોતાની સંસ્થા માહી ડેરીએ દૂધ ઉત્પાદકોને ચૂકવાતા દૂધના ભાવમાં૧૦ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લેતા માહી ડેરીના દૂધ ઉત્પાદક સભ્યોમાં હરખની હેલી છવાઈ ગઈ છે. માહી ડેરી દ્વારા પશુપાલકોને હાલમાં દૂધના ચૂકવાતા કિલો ફેટદીઠ ભાવમાં રૂા. ૧૦ નો વધારો કરીને દૂધના કિલો ફેટ દીઠ રૂા. ૭૭૦ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. માહી ડેરી દ્વારા કરવામાં આવેલા દૂધના ખરીદ ભાવમાં વધારાનો લાભ સૌરાષ્ટ્ર - કચ્છના ૧૧ જિલ્લાઓના માહી ડેરીમાં દૂધ ભરતા એક લાખથી વધુ દૂધ ઉત્પાદક સદસ્યોને મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે માહી ડેરીએમાહી દૂધના ખરીદ ભાવમાં ટૂંકા સમયગાળા દરમ્યાન આ ચોથી વખત વધારો કર્યો છે.માહી ડેરીદ્વારા કરાયેલા આ દૂધખરીદ ભાવ વધારાને કારણે પશુપાલકોની સમસ્યા મહદ અંશે હળવી બનશે. હાલ માહી ડેરી દ્વારા દૂધ ઉત્પાદક સભ્યોના હિતમાં લેવામાં આવેલા આ નિર્ણયના કારણે પશુપાલકો માટે તો લાપસીના આંધણ મૂકવા જેવો માહોલ સર્જાયો છે.

## પૃથ્વીની સૌથી નજીક દેખાયો સૂર્યથી ૧૦ ગણો મોટો બ્લેક હોલ

(એજન્સી)

નવી દિલ્હી તા.૧૧

આપણી પૃથ્વી અને બ્રહ્માંડમાં અનેક એવા રહસ્યો છે. જેને જાણીને આખી દુનિયા દંગ રહી જાય છે. બ્લેક હોલ પણ તે જ રહસ્યોમાંથી એક છે.ભૂતકાળમાં બ્લેક હોલના ઘણા ફોટો સામે આવ્યા છે અને તેના પર અનેક શોધ પણ થઈ રહી છે. હાલમાં ખગોળ વૈજ્ઞાનિકોએ પૃથ્વીની સૌથી નજીકબ્લેકહોલ શોધી કાઢયો છે. તેના કેટલાકચોંકાવનારા ફોટોપણ સામે આવ્યા છે. તેની ખાસિયત જાણીને આખી દુનિયા દંગ રહી ગઈ છે. મળતી માહિતી અનુસાર કેટલાક ખગોળ વૈજ્ઞાનિકો એ પૃથ્વીની સૌથી નજીકના બ્લેક હોલની શોધ કરી છે. આ બ્લેક હોલ પૃથ્વીથી ૧,૬૦૦ પ્રકાશ વર્ષ દૂર છે. તે કોઈ પણ બ્લેક હોલનું પૃથ્વીથી સૌથી નજીકનું અંતર છે. વૈજ્ઞાનિકો એજણાવ્યુ છેકે આ બ્લેક હોલ સૂર્યથી લગભગ ૧૦ ગણો વિશાળ છે. આ પહેલા જે બ્લેક હોલના નામે આ રેકોર્ડ હતો, તેનાથી આ બ્લેક હોલ ૩ ગણો મોટોછે. બ્લેકહોલની ઓળખતેના જોડીદાર તારાની ગતિને જોઈને કરવામાં આવી છે. આ તારો બ્લેક હોલની પરિક્રમા એટલા જ અંતરથી કરેછે, જેટલા અંતરથી પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે. આ બ્લેક હોલની ઓળખ પહેલા યૂરોપીય અંતરિક્ષ એજન્સીના ગૈયા અંતરિક્ષ યાનના ઉપયોગથી કરવામાં આવ્યો હતો. દુનિયાનો સૌથી પહેલો બ્લેકહોલ વર્ષ ૧૯૬૪માં આકાશગંગા પાસે દેખાયો હતો. તેને સિગ્નસ ડ-૧ નામ આપવામાં આવ્યુ હતુ. આપણી આકાશગંગામાં લગભગ ૧૦ લાખથી ૧ કરોડ જેટલા બ્લેક હોલ હાજર છે. ઘણા બધા તારાઓના તૂટવાથી આ બ્લેક હોલ બનતા હોય છે. બ્લેક હોલ અવકાશની એવી જગ્યા છે, જ્યાંનું ગુરૂત્વાકર્ષણ એટલુ વધારે છે જેનાથી પ્રકાશ પણ બહાર નથી આવી શકતો. બ્લેક હોલને આંખોથી જોઈ શકાતો નથી, તે અદ્રશ્ય હોય છે. તેને સ્પેસ ટેલિસ્કોપ જેવા વિશેષ ઉપકરણોથી જોઈ શકાય છે. બ્લેક હોલ મોટા તારાના અવશેષો હોય છે. બ્લેકહોલ નાના અને મોટા પણ હોય છે.

## માંગરોળ-માળીયા (હાટીના) બેઠક માટે ભગવાનજીભાઈ કરગટીયાને ટીકીટ મળી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૧૧

જૂનાગઢ જીલ્લાનાં માંગરોળ-માળિયા(હાટીના) ૮૯ વિધાનસભામાં ભગવાનજીભાઈ કરગટિયાને ભારતીય જનતા પાર્ટી તરફથી ટીકીટ મળતાં કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહયો છે.

આ બેઠક ઉપર ભગવાનજીભાઈ કરગટિયાને ફરી રીપીટ કરાયા છે. પાર્ટી દ્વારા સવારે ટેલીફોનિક જાણ થતાં કાર્યકરો ઉત્સાહીત થયા હતા. ભગવાનજીભાઈ કરગટીયા કોળી સમાજના આગેવાન છેઅને ચોથી વખત વિધાનસભાની ચુંટણી લડશે. ટીકિટ ન માંગવા છતાં જસદણમાં સોંપાયેલી પ્રભારી તરીકે સરસ રીતે જવાબદારી નિભાવતાં તેમને પાર્ટી દ્વારા ટીકીટ આપવામાં આવી હતી. ભગવાનજીભાઈને ટીકીટ મળતા કાર્યકરો કાર્યાલયે પહોંચી મોં મીઠા કરાવી ખુશી વ્યકત કરી હતી. આ પ્રસંગે ભગવાનજીભાઈએ જીતનો વિશ્વાસ વ્યક્ત કરેલહતો.

## દબંગ મધુ શ્રીવાસ્તવને ટિકિટ નહિ મળતાં થયા બાગી, અપક્ષ લડવાની જાહેરાત કરી



વડોદરા તા.૧૧

ભાજપનું લિસ્ટ જાહેર થયા બાદ સૌથી વધુ ચર્ચામાં કોઈ નેતા હોય તો મધુ શ્રીવાસ્તવ છે. દબંગ નેતાની છાપ ધરાવતા મધુ શ્રીવાસ્તવની ભાજપે ટિકિટ કાપી છે. મધુશ્રીવાસ્તની ટિકિટ કાપીને અશ્વિન પટેલને ભાજપે વાઘોડિયા બેઠક પરથી ઉમેદવાર જાહેર કર્યા છે. ત્યારે મધુ શ્રીવાસ્તવને ટિકિટ નહિ મળતાં તેઓ બાગી થયા છે. તેઓએ નારાજગી સાથએ કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી. જેમા તેમણે અપક્ષ ઉમેદવારી કરવાની જાહેરાત કરી છે.

નારાજગી બાદ મધુ શ્રીવાસ્તવે કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી. આ બેઠક બાદ મધુશ્રીવાસ્તવનુંદર્દ છલકાયુંછે. મધુ શ્રીવાસ્તવે કહ્યું કે, પાર્ટીએ મને ટિકિટ નહીં આપી અન્યાય કર્યો.પાર્ટી માટે મેં કરોડો રૂપિયા ખર્ચ કરીને બરબાદ કર્યા. ત્યારે હવે કાર્યકર્તાઓની લાગણીને માન આપી હું અપક્ષ ઉમેદવારી નોંધાવીશ.

મધુ શ્રીવાસ્તવની ટીકીટ કપાતા તેમના પરિવારમાં ભારે રોષ જોવામળ્યો. મધુ શ્રીવાસ્તવની ટિકિટ કપાતા તેમની દીકરીએ રોષ વ્યક્ત કર્યો. મધુ શ્રીવાસ્તવના પુત્રી અને ભાજપ નેતા નીલમ શ્રીવાસ્તવે કહ્યુંકે, મારા પિતાની ટિકિટ કાપી ભાજપે અપમાન કર્યું છે. મારા પિતા અપક્ષ ચૂંટણી લડશે અને જીતશે. તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૨૦ ઉમેદવારોમાંથી મારા પિતાએ ૧૮ ઉમેદવાર જીતાડ્યા છે. અશ્વિન પટેલ જિલ્લા પંચાયતની ચૂંટણી નહિ જીતી શક્યા તો વિધાનસભા કેવી રીતે જીતશે.

### ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ ફરિયાદ

# આરટી–પીસીઆર રિપોર્ટ ન હોઈ વીમા કંપનીનો ક્લેઈમનો ઈન્કાર

**મહિલાએ મૃતક પતિના કોરોનાની સારવારના રેકોર્ડ અને મૃત્યુના વળતરના દસ્તાવેજ રજૂ કરી વીમા કંપનીને પડકારી**

અમદાવાદ, તા.૧૧

ગાંધીનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા એક વીમા કંપનીને આદેશ આપવામાં આવ્યો છે કે તે વહેલી તકે વિધવા મહિલાને કોરોનાનું વળતર ચૂકવે. આટલુ જ નહીં, માત્ર આરટી-પીસીઆરરિપોર્ટ ન હોવાને કારણે વળતર આપવાનો ઈનકાર કરી દેતાં કોર્ટે કમિશનને ફટકાર પણ લગાવી હતી. નોંધનીય છે કે, આ મહિલાના કેસમાં ગુજરાત સરકારે સ્વીકાર્યું કે મૃત્યુ કોરોનાને કારણે થયુ હતું અને ૫૦,૦૦૦ રૂપિયા વળતર ચૂકવ્યુ હતું, તેમ છતાં વીમા કંપનીએ ક્લેઈમ ફગાવી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે વીમાના દાવેદારે ઓરિયન્ટલ ઈન્શ્યોરન્સ કં. લિમિટેડમાંથી પાંચ લાખ રુપિયાની ખાસ કરીને કોરોના પછી શરુ કરવામાં આવેલી કવચ પોલિસી ખરીદી હતી. માટે કમિશને આ કેસમાં વીમા કંપની સામે કડક વલણ અપનાવ્યું છે. વીમા કંપનીએ દાવેદારને વળતરની રકમ ચૂકવવાની ના પાડી દેતાં કમિશનના અધ્યક્ષ ડી.ટી.સોનીએ જણાવ્યું કે, આ પ્રકારના કેસમાં વીમા કંપનીએ અત્યંત નિરાશાજનક અને ટીકાપાત્ર વલણ અપનાવ્યું છે, જેના કારણે વિધવા મહિલાએ કમિશનના દરવાજા ખખડાવ્યા હતા.

કેસની વિગતવાર વાત કરીએ તો કલોલના ૫૫ વર્ષીય નિર્મલકૌર બગ્ગાએ કમિશનમાં ફરિયાદ દાખલ કરી હતી. કોરોના મહામારીની બીજી લહેર દરમિયાન તેમના પતિ ત્રિલોચન સિંહ બીમાર થઈ ગયા હતા. ૨ એપ્રિલ ૨૦૨૧ના રોજ એચઆરસીટી રિપોર્ટ કરવામાં આવ્યો તો તેમને કોરોના થયો હોવાની જાણકારી સામે આવી હતી. તેમની સ્થિતિ વધારે ખરાબ થતાં અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૨૫મી એપ્રિલના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મૃત્યુનું પ્રમાણપત્ર પણ બનાવી દેવામાં આવ્યુ હતું જેમાં કારણ તરીકે કોવિડ-૧૯લખવામાં આવ્યુ હતું. હોસ્પિટલમાં દાખલ થવાનો અને સારવારનો ખર્ચો લગભગ ૩.૩૨ લાખ રુપિયા થઈ ગયો હતો. નિર્મલ કૌરે રીઈમ્બર્સમેન્ટનો દાવો કર્યો હતો, પરંતુ વીમા કંપનીએ દાવો ફગાવી દીધો હતો. વીમા કંપનીની દલીલ હતી કે, પતિનું મૃત્યુ કોરોનાને કારણે થયું છે તેનો કોઈ પૂરતો પુરાવો જમા કરવામાં નથી આવ્યો. આરટી-પીસીઆરરિપોર્ટ નેગેટિવ હતો, હોસ્પિટલના રેકોર્ડ તેમજ ડિસ્ચાર્જ સર્ટિફિકેટમાં કોરોનાનો કોઈ જ ઉલ્લેખનહોતો.

ત્યારપછી નિર્મલ કૌરે કમિશનનો સંપર્કસાધ્યો હતો અને વીમા કંપનીની દલીલને પડકારી હતી. કંપનીનો દાવો હતો કે કોરોના થયો હોવાનો કોઈ પુરાવો નથી, જ્યારે મહિલાએ સરકાર દ્વારા આપવામાં આવેલા કોરોના વળતરની રસીદ પણ જમા કરાવી હતી. મહિલાના વકીલે કહ્યું કે, એએમસીદ્વારા આપવામાં આવેલા મૃત્યુના પ્રમાણપત્રમાં પણ કારણ તરીકે કોરોનાનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મેડિકલ રેકોર્ડ અને જે પ્રકારની સારવાર કરવામાં આવી છે તના પરથી પણ સાબિત થાય છે કે ફરિયાદીના પતિને કોરોના હતો. કમિશને ફરિયાદીની દલીલને સ્વીકારી અને જોયું કે વીમા કંપનીએ નિર્ણય લેતા પહેલા રિવ્યૂ કમિટીને નહોતો મોકલ્યો. હોસ્પિટલ રેકોર્ડ અનુસાર દર્દીને રેમડેસિવિર અને સ્ટેરોઈડના ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા.

## જૂનાગઢમાં વકફ મિલ્કત બચાવ અભિયાન પ્રોગ્રામ યોજાયો

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢમાં સોરઠીયા ઘાંચી જમાતખાના ખાતે વકફ મિલ્કત બચાવ અભિયાનના ભાગરૂપે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આજના સમયમાં સમગ્ર મુસ્લીમ સમાજની આસ્થા જેની સાથે જોડાયેલી છે તેવી તમામ મિલ્કતો મસ્જીદ, દરગાહ, કબ્રસ્તાન અને ટ્રસ્ટના જમાતખાના જેવી અનેક જગ્યાના રજીસ્ટ્રેશન બાબતે તેમાં પડતી મુશ્કેલીઓ બાબતે તેમજ વર્ષોથી વકફ મિલ્કતોના પ્રશ્નોના નિકાલ સહિતના પ્રશ્નોએ ચર્ચા કરી પરીણામલક્ષી અભિયાનની એક રણનીતિ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું.

આ તબકકે યુસુફભાઈ મલેકએ સમાજને સંબોધતા જણાવેલ કે, દરેક સમાજ જાગૃત થઈ ચુકયો છે. પોતાના સમાજનું પ્રતિનિધિત્વ અને માંગણીઓ સાથે દરેકસમાજ મેદાનમાં આવી ગયા છે ત્યારે મુસ્લીમ સમાજ કેમ ઉંઘમાંછે એ સમજાતુંનથી. શા માટે મુસ્લીમ સમાજ દરેક ક્ષેત્રે હાંસીયામાં ધકેલાઈ ગયો છે? કોઈપણ મુસ્લીમને આ સવાલ પુછવામાં આવે એટલે એકજ જવાબ આવે કે આપણા સમાજમાં એકતા નથી, સંગઠન નથી.

આજે દરેક મુસ્લીમ નૌજવાન અને આગેવાનોને સવાલ છે કે, આપણા સમાજમાં એકતા શા માટે કરી ન શકયા ? મજબુત સંગઠનનું નિર્માણ કેમ ન કરી શકયા? શું આગેવાનો પોતાના હોદ્દા લઈને બેઠા જ રહયા અને પોતાના સમાજને ફકત રાજનૈતિક પાર્ટીઓની ગુલામી તરફ ધકેલવામાં વ્યસ્ત રહયા. આજે મુસ્લીમો ફકત મતબેંકની રાજનીતિનો શિકાર બનીને જ રહી ગયા છે. રાજયમાં સૌથી દયનીય હાલત આજે મુસ્લીમોની છે. શિક્ષણ, સંગઠન, રાજનૈતિક એવા તમામ મોર્ચા નિષ્ફળ બની ગયા છે.

આ પ્રશ્નોના ઉત્તરને હવે વાચા આપવાની સમાજને અત્યંત જરૂર છે. આ કાર્યક્રમને આગળ વધારતા મુસ્લીમ એકતા મંચના પ્રમુખ ઈમ્તીયાઝ પઠાણે જણાવેલ કે મુસ્લીમ સમુદાય પાસે હવે સમય નથી કે વાદ વિવાદને લીધે વિકાસના માધ્યમને નુકશાન થાય, ઘણુંબધું ગુમાવી ચુકયા છીએ. હવે વિકાસ એજ આપણું મિશન છે.

એડવોકેટ સાજીદખાન પઠાણે જણાવેલ કે, યાદ રાખો કે આપણે સૌએ ઉત્તમ સમુદાય હોવાની હેસીયતનો હકક અદા કરવાનો છે. એડવોકેટ આસીફખાને જણાવેલ કે મુસ્લીમ સમાજને ફકત શિક્ષિત અને સંસ્કારી બનાવવાના પ્રયાસે લાગી જવા સમાજને હાંકલ કરેલ અને વકફ મિલ્કતની દેખરેખ અને પેપરવર્ક અંગે માર્ગદર્શન આપેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અખતર હુસેનભાઈ પડાયા, સૈયદ હૈદરબાપુ, સૈયદ અમીનબાપુ વગેરેએ જહેમત ઉઠાવી હતી તેમ યુસુફભાઈ મલેકની યાદીમાં જણાવેલ છે.

## પત્નીને વિધાનસભા ટિકિટ મળ્યા બાદ રવિન્દ્ર જાડેજાએ પીએમ મોદી માટે લખી ખાસ પોસ્ટ

જામનગર તા. ૧૧

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપે આજે ૧૮૨ સીટોમાંથી ૧૬૦ સીટો માટે ઉમેદવારના નામની જાહેરાત કરી દીધી છે. ભાજપે પહેલા ૧ ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણી માટે ૮૪ ઉમેદવારોના નામ જાહેર કર્યાં છે. ભાજપે જામનગર નોર્થથી સ્ટાર ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રિવાબા જાડેજાને ટિકિટ આપી છે.

પત્નીને વિધાનસભામાં ટિકિટ મળવા પર પ્રથમ પ્રતિક્રિયા આપતા રવિન્દ્ર જાડેજાએ પોતાની પત્નીને શુભેચ્છા આપી છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે ભાજપે જામનગર નોર્થ વિધાનસભા સીટથી ટિકિટ મળવા પર તમને ખુબ શુભેચ્છા. આ બધુ તમારી મહેનતનું પરિણામ છે. મારા તરફથી તમને ખુબ ખુબ શુભકામનાઓ. તમે તમારા કાર્યોથી સમાજનું ભલું કર્યું છે. રવિન્દ્ર જાડેજાએ પીએમ મોદી અને અમિત શાહનો પણ આભાર માન્યો છે.

રિવાબા જાડેજા વર્ષ ૨૦૧૯માં ભાજપ જોડાયા હતા. આ પહેલા તેઓ કરણી સેનામાં મહિલા મોર્ચાના અધ્યક્ષ હતા. વર્ષ ૨૦૧૬માં રિવાબા અને



રવિન્દ્ર જાડેજાના લગ્ન થયા હતા. રવિન્દ્ર જાડેજા સાથે તેની પ્રથમ મુકાલાત તેમના મોટા બહેન નયનાબાએ કરાવી હતી. રિવાબા રાજકોટ અને જામનગરમાં પોતાનો સમય પસાર કરે છે.

# કાશ્મીરમાં હવે વધુ લોકો માનસિક સ્વાસ્થ્ય સારવાર મેળવી રહ્યા છે

(એજન્સી)

જમ્મુ તા. ૧૧

દક્ષિણ કાશ્મીરના અનંતનાગ શહેરમાં એક ખાનગી માનસિક આરોગ્ય ક્લિનિકના લાઉન્જમાં બેચેનપણે પોતાના વારાની રાહ જોઈ રહેલા દર્દીઓમાં એક ૨૭ વર્ષનો યુવાન હતો. તેણે વનસ્પતિશાસ્ત્રમાં અનુસ્નાતકની ડિગ્રી લીધી છે અને આ વર્ષની શરૂઆતમાં યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પ્રવેશ પરીક્ષા આપી હતી અને તેણે જણાવ્યું હતું કે, મને એવો ડર લાગે છે કે, મને હાર્ટએટેક આવશે. તેની આ મુશ્કેલી લગભગ ચાર વર્ષ પહેલાં શરૂ થઈ હતી, જ્યારે તે દિલ્હીની બહારના ભાગમાં ગ્રેટર નોઈડામાં એક કોચિંગ સેન્ટર પાસે રહેતો હતો અને અલગ પ્રવેશ પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. તેના ફેસબૂક ફીડને સ્ક્રોલ કરતાં તેણે ઘરેથી ખરાબ સમાચાર સાંભળ્યા હતા. તેની નજીકના ગામનો એક યુવાન છોકરો અચાનક કાર્ડિયાક અરેસ્ટથી મૃત્યું પામ્યો હતો. એ જ દિવસે તેને પેટમાં તકલીફ શરૂ થઈ હતી. આગામી બે અઠવાડિયામાં તેણે વર્ગોમાં જવાનું બંધ કરી દીધું, તે સારૂ થવાની આશામાં ઘરે ગયો પણ તબિયત વધુ ખરાબ થઈ હતી. ત્રણ ટોચના કાર્ડિયોલોજિસ્ટ્સે તેમને ખાતરી આપી કે તે ઠીક છે. પરંતુ ૨૭ વર્ષીય યુવાને કહ્યું કે, હું આ પોસ્ટને મારા મગજમાંથી કાઢી શક્યો નથી. ચિંતામાં મેં એક વર્ષ ગુમાવ્યું છે, તે આ વર્ષે તેની UPSC પરીક્ષા આપવામાં સફળ રહ્યો પરંતુ તેને માત્ર સરેરાશ ગુણ મળ્યા છે તે કહે છે કે, હું જાણું છું કે હું વધુ સારૂ કરી શક્યો હોત, પરંતુ હું પરીક્ષાની તૈયારી ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શક્યો ન હતો. આખરે શ્રીનગરની એક હોસ્પિટલના સામાન્ય ચિકિત્સકની સલાહથી તેને અહેસાસ થયો કે તેને મનોચિકિત્સાની મદદની જરૂર છે. મેં મારા લક્ષણો અંગે ગૂગલ ઉપર જોયું અને સમાન સમસ્યાઓનો સામનો કરી રહેલા અન્ય લોકો વિશે વાંચ્યું હતું. વર્ષોથી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે મદદ માંગતા લોકો માટે શ્રીનગરમાં માનસિક રોગો માટેની સરકારી હોસ્પિટલ એ એકમાત્ર સરનામું હતું. જો કે, માનસિક સ્વાસ્થ્ય વિષે વધતી જતી જાગૃતિનો અર્થ એ છે કે, વધુ દર્દીઓ તેમના ઘરેલું જિલ્લાઓમાં સ્થાનિક સ્તરે મદદ માંગી રહ્યા છે. આ ઘટનાનું કારણ સમગ્ર કાશ્મીર ખીણમાં જાહેર તેમજ ખાનગી માનસિક સ્વાસ્થ્ય સંભાળ માળખાનો ફેલાવો છે. છેલ્લા એક દાયકામાં કાશ્મીરના તમામ ૧૦ જિલ્લાઓમાં સરકારી હોસ્પિટલોએ માનસિક સ્વાસ્થ્ય ક્લિનિક્સની સ્થાપના કરી છે. બારામુલ્લા, કુપવાડા, કુલગામ અને બડગામ જેવા જિલ્લાઓમાં પેટા-જિલ્લા સ્તરે પણ આવી ક્લિનિક્સ છે. કાશ્મીરમાં બારામુલ્લા, શ્રીનગર અને અનંતનાગની ત્રણ જેલોમાં પણ માનસિક સ્વાસ્થ્ય ક્લિનિક્સ છે. સમગ્ર જિલ્લામાં લગભગ ૧૭ સરકાર સંચાલિત માનસિક સ્વાસ્થ્ય ક્લિનિક્સ છે. દક્ષિણ કાશ્મીરમાં અનંતનાગ અને ઉત્તરમાં બારામુલ્લામાં આવેલી સરકારી મેડિકલ કોલેજોમાં પણ મનોચિકિત્સા વિભાગો છે. મનોચિકિત્સક અરશદ હુસૈનના મતે ભારતભરના રાજ્યોની સરખામણીમાં કાશ્મીર સૌથી આગળ છે. સમગ્ર ભારતમાં તે એક દુર્લભ ઘટના હશે કે તમામ જિલ્લા હોસ્પિટલોમાં ઓપીડીમાં મનોચિકિત્સકો ઉપલબ્ધ છે. ખાનગી માનસિક સ્વાસ્થ્ય ક્લિનિક્સની સંખ્યા માટેનો ડેટા ઉપલબ્ધ નથી પણ મનોચિકિત્સકો માને છે કે, કાશ્મીરમાં આ વલણ વધી રહ્યું છે. ૨૦૦૪-૦૫ના આઘાતના વ્યાપ અંગેના અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે, ચાર જિલ્લાઓમાં સર્વેક્ષણ કરાયેલ ૧૨૦૦ વ્યક્તિઓમાંથી લગભગ ૫૯% લોકોએ આઘાતજનક અનુભવ કર્યો હતો. ગોળીબાર અથવા વિસ્ફોટનો અનુભવ થવાનો આઘાત સૌથી સામાન્ય હતો. ૨૦૦૯માં કાસિમ યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ જર્નલ ઓફ હેલ્થ સાયન્સ દ્વારા પ્રકાશિત અભ્યાસમાં કાશ્મીર ખીણમાં ૨૭૨૮ વ્યક્તિઓનો સર્વે કરવામાં આવ્યો હતો. તેમાં જણાયું હતું કે, ૧૫-૨૫ વર્ષની વય જૂથમાં ડિપ્રેશનનો વ્યાપ સૌથી વધુ (૬૬.૬૭%) હતો, ત્યારબાદ ૨૬-૩૫ વર્ષની વય જૂથમાં તે ૬૫.૩૩% હતો. કાશ્મીર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ અને શ્રીનગરમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સના સહયોગથી મેડેકિન્સ સેન્સ ફ્રન્ટિયર્સ દ્વારા હાથ ધરવામાં આવેલા ૨૦૧૫ના અભ્યાસમાં ખીણના તમામ ૧૦ જિલ્લાઓનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે દર્શાવે છે કે, કાશ્મીર ખીણમાં લગભગ ૧.૮ મિલિયન પુખ્તો (પુખ્ત વસ્તીના ૪૫%) માનસિક તકલીફના લક્ષણોનો અનુભવ કરી રહ્યા છે, જેમાં ૪૧% સંભવિત હતાશાના સંકેતો, ૨૬% સંભવિત ચિંતા અને ૧૯% સંભવિત પોસ્ટ ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર (PTSD)ના કેસો છે. શ્રીનગરની ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સ દ્વારા સંયુક્ત અભ્યાસમાં નીચા આંકડાઓ સામે આવ્યા હતા. કાશ્મીરમાં પુખ્ત વસ્તીના ૧૧.૩% માનસિક બીમારીઓથી પીડાય છે, તે રાષ્ટ્રીય સરેરાશ ૭.૩% કરતા નોંધપાત્ર રીતે વધારે છે. જો કે, કાશ્મીરમાં માનસિક સ્વાસ્થ્ય પ્રેક્ટિશનરો કહે છે કે, વલણ ચોક્કસપણે બદલાઈ રહ્યું છે. ૨૦૧૬માં એક્શન એઈડ અભ્યાસનું નેતૃત્વ કરનાર અરશદ હુસૈને જણાવ્યું હતું કે, મદદ મેળવવા માંગતા લોકોની સંખ્યામાં વધારો માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓમાં વધારો અને જાગરૂકતા, ખાસ કરીને શહેરી સેટિંગ્સમાં વધારો થવાને કારણે છે. હુસૈને ઉમેર્યું કે, આ પરિવર્તન માટેનું એક કારણ ખીણમાં માનસિક સ્વાસ્થ્ય સંભાળ વ્યાવસાયિકોની વધતી સંખ્યા હોઈ શકે છે. જ્યારે મેં ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં મારી પ્રેક્ટિસ શરૂ કરી, ત્યારે સમગ્ર કાશ્મીરમાં માત્ર ત્રણથી ચાર મનોચિકિત્સકો હતા, આજે તે સંખ્યા લગભગ ૮૦ મનોચિકિત્સકોની છે.

અનંતનાગની સરકારી મેડિકલ કોલેજમાં મનોચિકિત્સા વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર મન્સૂર અહમદે સમજાવ્યું કે વર્ષોથી માનસિક સ્વાસ્થ્ય વિશે લોકોને શિક્ષિત કરવાના સતત પ્રયાસોએ તેમાં ભૂમિકા ભજવી છે પરંતુ માનવ સંસાધનોના વિકાસે તેમાં ધરખમ ફેરફાર કર્યો છે. અહમદ કહે છે, અનંતનાગ હોસ્પિટલમાં ચાર મનોચિકિત્સકોનું જૂથ એક દિવસમાં ૮૦- ૯૦ દર્દીઓની સારવાર કરે છે. છેલ્લા ૪૪ મહિનામાં ૭૧,૦૦૦ દર્દીઓએ માનસિક સ્વાસ્થ્ય સારવાર લેવા માટે હોસ્પિટલની મુલાકાત લીધી છે, આ સંખ્યા કાશ્મીરમાં જરૂરી પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. ૨૦ વર્ષ પહેલાં કાશ્મીરમાં કોઈ વ્યક્તિ મનોચિકિત્સકની સલાહ લેવાનું વિચારતો પણ ન હતો. ૨૦૧૮માં મનોચિકિત્સક તરીકે તેમની પ્રેક્ટિસ શરૂ કરનાર વારિસ ઝર્ગરે કહ્યું કે, એક વર્ષ સુધીમાં એક જ દિવસે પાંચ કે છથી વધુ દર્દીઓ મારી સલાહ લેવા આવતા ન હતા અને આજે હું કુપવાડામાં મારા ક્લિનિકમાં એક જ દિવસમાં લગભગ ૫૦- ૬૦ દર્દીઓની સારવાર કરૂ છું. મન્સૂર અહમદે કહ્યું કે, લોકો માનસિક સ્વાસ્થ્યને ગંભીરતાથી લેવા લાગ્યા છે અને યુનાઈટેડ નેશન્સ અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન જેવી સંસ્થાઓ માનસિક સ્વાસ્થ્ય વિષે વાત કરે છે તે એક સારી બાબત છે અને તેની અસર થઈ રહી છે.

